**આજનો સુવિચાર**

સંઘર્ષ થકવાડે જરૂર છે, પણ અંદરથી મજબુત બનાવે છે અને, સંઘર્ષ છે તો સફળતા પણ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૭૩ જૂનાગઢ તા.૮-૭-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 173, Junagadh : Date : 08 July, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## રાજયમાં અષાઢી મેઘની સટાસટી : જામનગરમાં ૪ કલાકમાં ૪ ઈંચ : ૨૪ કલાકમાં ૧૮૮ તાલુકામાં જોરદાર મેઘમહેર

અમદાવાદ તા. ૮

ગુજરાતમાં હવામાન વિભાગે પાંચ દિવસ સાર્વત્રિક મેઘમહેરની આગાહી કરીછે. કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે સવારે ૬થી ૧૦ વાગ્યા સુધીમાં જામનગરમાં ચાર ઈંચ, ભુજમાં અઢી ઈંચ, કલ્યાણપૂર અને દ્વારકામાં ૧.૫ઈંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યના ૧૩ તાલુકામાં ૧થી ૪ ઈંચ વરસાદ વરસ્યો છે. તેમજ આજે રાજ્યના ૭૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જામનગરમાં ભારેવરસાદનાપગલે રોડ રસ્તા પર ગોઢણસમા પાણી ભરાઈ ગયા હતા. કચ્છના ભુજ અને નખત્રાણા વહેલી સવારથી જ વરસાદ ખાબકતા માર્ગો પર વરસાદી પાણી વહી નીકળ્યાં હતા. તેમજ નખત્રાણા હિલ સ્ટેશન બન્યુ હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આજે સૌરાષ્ટ્ર-કચ્છમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે તેને પગલે આજે સવારથી જ અનેક પંથકમાં વરસાદ વરસી રહ્યો છે.

જામનગરમાં મેઘરાજાએ સવારથી જ તોફાની બેટિંગ શરૂ કરી છે. સવારે ૬થી ૧૦ વાગ્યા સુધીમાં ૯૭ મી.મી. વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે શહેરના નીચાળવાળા વિસ્તારોમાં કમર સુધી પાણી ભરાયા હતા. તેમજ સરકારી કચેરીઓ, સરકારી વસાહતોસહિત મુખ્ય માર્ગો પર ગોઠણસમા પાણી ભરાયા હતા. શહેરના સત્યનારાયણ મંદિર પાસે દિવાલ ધરાશાયી થઈ હતી. જેની સાથે વીજપોલ પણ તૂટી પડ્યો છે, જેના કારણે કેટલીક જગ્યાએ લાઈટ પણ ડૂલ થઈ છે.

રાજ્યમાં મોટાભાગના જિલ્લાઓમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે પરંતુ ધંધુકામાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા ઠેર-ઠેર પાણી ભરાયાહતા. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૮ તાલુકામાં નોંધાયેલા વરસાદમાં ધંધુકામાંપોણા પાંચ વરસાદ ખાબક્યો હતો જેના પગલે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદને પગલે અનેકવિસ્તારોમાં ગોઠણસમાંપાણી ભરાયા હતા. ભારે વરસાદને કારણે વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. આ સાથે જ પોરબંદરમાં સાડા ચાર ઈંચ, જામનગર અને દાંતિવાડામાં ૪ ઈંચ, સુરતના પલસાણા, વલસાડના પાલડી અને પોરબંદરના રાણાવાવમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે જ્યારે જોડિયા, ધોલેરા, ડીસા, સુત્રાપાડા અને ધરમપુરમાં ૩ ઈંચ તેમજ બોટાદમાં ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે.

### ચંદ્રયાન-૩ ઉડાનનાં સાક્ષી બનવા માટે જાહેર જનતાને આમંત્રણ

બેંગ્લુરૂ તા.૮ : ભારતીય અંતરીક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો)એ ચંદ્રયાન-૩ ની ઉડાનના સાક્ષી બનવા માટે આમજનને પણ આમંત્રીત કર્યા છે જેમાં આમજન રજીસ્ટ્રેશન **https//ivg.shar.gov.in/VSCREGISTRATIO** પર કરાવી શકે છે. આમજન સતીષ ધવન અંતરીક્ષ કેન્દ્ર શ્રી હરિકોટામાં લોંચ વ્યુ ગેલેરીમાં ચંદ્રયાન-૩ ને લોંચ થતુ જોઈ શકશે.

અગાઉ ઈસરોનાં પ્રમુખ એસ.સોમનાથે જાહેરાત કરીહતી કે ૧૪ જુલાઈએ બપોરે ૨-૩૦ વાગ્યે ચંદ્રયાન-૩ લોંચ થશે.જો બધું યોગ્ય રીતેપાર પડયુ તો ૨૩ કે ૨૪ ઓગસ્ટ તેનું લેન્ડર ચંદ્રની સપાટી પર ઉતરો. આ ચંદ્રયાન-૩ ચંદ્રયાન-૨ નો વિસ્તારછે.ત્યારે અંતિમક્ષણોમાંચંદ્રની સપાટીપર ક્રેશ થઈ ગયુ હતું.

### ઓડીસા ટ્રેન દુર્ઘટના મામલે સીબીઆઈએ ત્રણ રેલ્વે કર્મીની ધરપકડ કરી

ભુવનેશ્વર તા. ૮

સીબીઆઈએ ઓડિશાના બાલાસોરમાં ૨ જૂને થયેલા ટ્રેન અકસ્માત મામલે ૩ રેલવે કર્મચારીઓની ધરપકડ કરીહતી. ત્રણેયની આઈપીસી કલમ ૩૦૪ (બિનઈરાદાપૂર્વક હત્યાનો કેસ) હેઠળ ધરપકડ કરવામાં આવી છે. સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એજન્સી આ ટ્રેન દુર્ઘટનામાં ગુનાઈત ષડયંત્રની તપાસ કરી રહી છે.

ધરપકડ કરાયેલા ત્રણ રેલવે કર્મચારીઓના નામ સિનિયર સેકશન એન્જિનિયર અરુણ કુમાર મહંતો, સિનિયર સેકશન એન્જિનિયર મોહમ્મદ આમીર ખાન અને ટેક્નિશિયન પપ્પુ કુમાર સામેલ છે. ઉલ્લેખનીય છે કે કલમ ૩૦૪ હેઠળની સજામાં આજીવન કેદ અને દંડ અથવા સખત કેદનો સમાવેશ થાય છે. સૂત્રોનું કહેવું છે કે આ ત્રણેયની બેદરકારીના કારણે આટલો મોટો અકસ્માત થયો હતો. કોરોમંડલ એક્સપ્રેસ ૨ જૂને બાલાસોરના બહાનગા બજાર રેલ્વે સ્ટેશન નજીક લગભગ ૭ વાગ્યે સ્ટેશન પર ઉભી રહેલી માલગાડી સાથે અથડાઈ હતી. બેંગલુરુ-હાવડા સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન પણ તેની લપેટમાં આવી હતી. આ ટ્રેન દુર્ઘટનામાં ૨૯૨ લોકોના મોત થયા હતા અને ૧૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

## પશ્ચિમ બંગાળમાં આજે પંચાયત ચૂંટણીનું મતદાન : હિંસામાં ૪નાં મોત

કોલકતા તા. ૮

પ.બંગાળમાં મીની વિધાનસભા સમાન પંચાયતોની ચુંટણીઓ માટે આજે યોજાઈ રહેલા મતદાનસમયે વ્યાપક હિંસા થઈ છે અને રાજયના તમામ ૨૨ જીલ્લામાં એક સાથે જ થઈ રહેલા મતદાનમાં રેજીનગર, તુફાનીગંજ અને બારગ્રામમાં થયેલી હિંસામાં તૃણમુલ કોંગ્રેસના ચાર કાર્યકર્તાઓની હત્યા થઈ છે અને અનેક કાર્યકરો ઘવાયા છે. રાજયના ડોમકોલમાં ખાનગી ગોળીબાર પણ થયો છે. રાજયની ત્રણ સ્તરીય પંચાયત વ્યવસ્થા ગ્રામ્ય-તાલુકા અને જીલ્લા પંચાયતની ૭૪૦૦૦થી વધુ બેઠકો પર મતદાન યોજાઈ રહ્યું છે. રાજયમાં છેલ્લા ૧૯ દિવસનો ચુંટણી પ્રચાર પણ લોહીયાળ બની ગયો હતો અને ૧૯થી વધુ લોકોના મોત થયા હતા. બીજી તરફ રાજયપાલ સી.વી.આનંદ બોસ હિંસા પ્રભાવિત ક્ષેત્રમાં ગઈ કાલથી ફરી રહ્યાછે. રાજયમાં આ પ્રચારમાં અનેક સ્થળોએ હિંસા થઈ હતીઅને રાજયના મતદાનમાં ૫.૬૭ કરોડ મતદાતાઓ તેના મતાધિકારનો ઉપયોગ કરી રહયા છે.

## રાહુલ ગાંધીનાં સમર્થનમાં ૧૨ જુલાઈએ કોંગ્રેસ દ્વારા દેશવ્યાપી મૌન સત્યાગ્રહનું આયોજન

નવી દિલ્હી તા. ૮

ગુજરાત હાઈકોર્ટે "મોદી સરનેમ" પરની ટિપ્પણીને લગતા ફોજદારી માનહાનિના કેસને નકારી કાઢ્યા બાદ કોંગ્રેસે રાહુલ ગાંધી પ્રત્યે એકતા પ્રગટ કરતા ૧૨ જુલાઈના રોજે તમામ રાજ્યોમાં મૌન સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું છે. આ સત્યાગ્રહ સવારે ૧૦:૦૦થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી રાજ્યના મુખ્યાલયમાંમહાત્મા ગાંધીની પ્રતિમાની સમક્ષ યોજાશે.

પાર્ટીના સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલે રાજ્ય કોંગ્રેસ સમિતિના પ્રમુખો, રાજ્ય પ્રભારીઓ અને પાર્ટીના અગ્રીમ સંગઠનો અને વિભાગોના પ્રમુખોને પત્ર મોકલીને મૌન સત્યાગ્રહના આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. વેણુગોપાલે કહ્યું કે આ સમય એક સાથે મળીને બતાવવાનો છે કે સત્ય અને ન્યાયની લડાઈમાંરાહુલ ગાંધી એકલા નથી, પરંતુ લાખો કાર્યકરો અને કરોડો નાગરિકો તેમની સાથે ઉભા છે.

## રાહુલ ગાંધીએ ટ્રેકટર ચલાવ્યું ખેતરમાં વાવણી પણ કરી

સોનેપત તા. ૮

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી 'ભારત જોડો યાત્રા' બાદ વારંવાર અચાનક લોકોની વચ્ચે પહોંચી રહ્યા છે. આજે સવારે દિલ્હીથી સિમલા જતાંમાર્ગમાં અધવચ્ચે હરિયાણાનાંસોનેપતમાં રોકાઈ ગયા હતા.ખેતરોમાં કામ કરતા લોકો પાસે પહોંચી ગયા હતા. તેમણે ટ્રેકટર, ચલાવ્યુ હતું અને ધાનનું વાવેતર પણ કર્યુ હતું. પાક પાણીની સ્થિતિથી વાકેફ થયા હતા.

રાહુલ ગાંધી આવ્યાની વાત ફેલાતા આસપાસનાં ગામડાઓમાંથી કિસાનો ઉમટયા હતા તેઓ સાથે કોંગ્રેસ નેતાએ વાતચીત કરી હતી.કોંગ્રેસના સ્થાનિક ધારાસભ્ય ઈન્દુરાજ નરવાલે કહયું કે રાહુલ ગાંધી વાસ્તવમાં દિલ્હીથી સિમલા જઈ રહ્યા હતા.કુંડલી બોર્ડર પહોંચ્યા ત્યારે અચાનક ખેતરોમાં કામ કરતાં કિસાનોપર નજર પડતાં કાફલાને રોકી દીધો હતો અને મદીનાં ગામમાં પહોંચી ગયા હતા અને ખેતરો પર નજર કરી હતી. ખેતરોમાં કામ કરતાં કિસાનોને મળવા ગયા હતા. ધાનનુ વાવેતર કર્યુ હતું અને ગામ લોકો, સાથે વાતચીત કરી હતી.

### ગુજરાતની રાજયસભાની ત્રણ બેઠકો ભાજપને બિનહરીફ મળશે

અમદાવાદ તા. ૬ : ગુજરાતમાં આગામી તા.૨૪ જુલાઈમાં યોજાનારી રાજયસભાની ત્રણ બેઠકોની ચૂંટણી બિનહરીફ થશે. વિધાનસભાના સંખ્યાબળ મુજબ ભાજપ ૧૫૬ બેઠકો ધરાવે છે. કોંગ્રેસ પક્ષ ૧૭ અને આમ આદમી પાર્ટીના પાંચ ધારાસભ્યો છે તેથી કોંગ્રેસએકપણ બેઠક જીતીશકે તેવી સ્થિતિ નથી અને આ પક્ષે રાજયસભા ચુંટણીમાં ઉમેદવાર ઉભા નહી રાખવાની જાહેરાત કરી છે જેનાથી હવે તા.૧૩ જુલાઈના રોજ ઉમેદવારી નોંધાવતા જ ભાજપના ત્રણેય ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થશે.

## ગ્લોબલ પીસ ઈન્ડેક્ષની યાદીમાં અફઘાનીસ્તાન વિશ્વનો સૌથી અશાંત દેશ : ભારતનો ૧૨૬મો નંબર

નવી દિલ્હી, તા.૮:

ઈન્સ્ટીટયૂટ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પીસ આઈઈપી)એ ગ્લોબલ પીસ ઈન્ડેક્સ ૨૦૨૩ની યાદી જાહેરકરી છે. જેમાં સતત પાંચમા વર્ષે અફઘાનિસ્તાન વિશ્વના સૌથી અશાંત દેશોની યાદીમાં પ્રથમ ક્રમે છે. જયારે વિશ્વના સૌથી શાંત દેશોની યાદીમાં આઈસલેન્ડ સતત ૧૫માં વર્ષે ટોચના સ્થાને છે. આ ઈન્ડેક્સમાં ભારત ૧૨૬માં સ્થાન પર છે. ગત વર્ષની તુલનામાં ભારતને ફાયદો થયો છે, ગત વર્ષે ભારત ૧૩૫મા સ્થાન પર હતો, જેમાં સુધારો થયો છે. આ વર્ષે ભારતને ૨.૩૧૪ સ્કોર પ્રાપ્ત થયો છે. અશાંત દેશોની યાદીમાં અફઘાનિસ્તાન પછી યમન, સીરિયા, રશિયા અને દક્ષિણ સુદાનનો સમાવેશ કરાયો છે. આ યાદીમાં વિશ્વભરના કુલ ૧૬૩ દેશોના સામેલ કરવામાં આવ્યા છે.

## ભારતમાં ૨૬.૭ કરોડ લોકો તમાકુનું સેવન કરે છે : ૧૩ લાખ લોકોનાં મોત થાય છે

### વિશ્વમાં તમાકુ ઉપભોકતા દેશોમાં ભારતનો બીજો નંબરઃ માત્ર રાજસ્થાનમાં જ લોકો એક વર્ષમાં લોકો રૂા. ૨૨ હજાર કરોડની તમાકુ ખાઈ જાય છે

(દિલ્હી બ્યુરો)દ નવી દિલ્હી,તા.૮

વૈશ્વિક સ્તરે તમાકુના સેવનથી વર્ષેદહાડે આશરે ૮૦ લાખ લોકોનાં મોત થાય છે, જેમાં ભારતમાંએકલા ૧૩ લાખ લોકો એનો શિકાર થાય છે. દેશમાં પુરુષો ને મહિલાઓમાં થતા કેન્સરનો ક્રમશઃ અડધાથી વધુ એકચતુર્થાંશ કેન્સર તમાકુઅને એને લગતા પદાર્થોના સેવનથી થાય છે, એમ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો ડેટા કહે છે.

ભારતમાં આશરે ૨૬.૭ કરોડ યુવા-જેમની વય ૧૫ વર્ષથી વધુ છે અને દેશની વસતિની યુવા જનસંખ્યા ૨૯ ટકા છે - તમાકુ ઉત્પાદનોનું સેવન કરે છે. તમાકુ અને એના સંબંધિત ઉત્પાદનોના અંધાધૂધ ઉપયોગે ભારતને વિશ્વમાં ચીન (૩૦ કરોડ) પછી બીજા સૌથી મોટા તંબાકુ ઉપભોક્તા દેશની શ્રેણીમાં આવે છે. ભારતમાં રાજસ્થાનરાજયમાં જ દર વર્ષે લોકો રૂા.૨૨ હજાર કરોડની તમાકુંનું સેવન કરે છે.

## પાન સાથે આધાર નંબર લિંક નહી હોય તો આઈટી રીટર્ન માટે રૂા. ૬૦૦૦ ભરવા પડશે

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી,તા. ૮

આધાર અને પેન નંબર લિંક કરવાનું ચુકી ગયા હશે તેમણે આ વર્ષે વારંવાર હેરાન થવું પડે તેવી શક્યતા છે.ઁછદ્ર નંબર લિંક નહી હોવાના કારણે તમે આઈટી રિટર્ન નહીં ભરી શકો. તેના કારણે તમારે ૫૦૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. આ ઉપરાંત નવેસરથી પેન નંબરને સક્રિય કરાવવા માટે ૧૦૦૦ રૂપિયા ખર્ચવા પડશે

તમે ૩૦ જૂન ૨૦૨૩ સુધીમાં તમારા આધાર કાર્ડ અને પાન કાર્ડને લિંક નહીં કર્યા હોય તો ૧ જુલાઈ, ૨૦૨૩થી તમારૂ પાન નંબર નિષ્ક્રીય થઈ જશે. તેના કારણેસૌથી મોટી તકલીફ એ પડશે કે તમે હવે ૩૧ જુલાઈ ૨૦૨૩ સુધીમાં તમારું ઈન્કમ ટેક્સ રિટર્ન નહીં ભરી શકો. તેનું કારણ એ છે કે ઈન્કમ ટેક્સનું રિટર્ન ભરવાની ડેડલાઈન એક મહિનાથી પણ ઓછો સમય દૂર છે અને તમે પાન કાર્ડને નવેસરથી સક્રિય કરાવો તો પણ તેમાં વધુમાં વધુ ૩૦ દિવસ લાગી જશે.

તમે અત્યારે પેનલ્ટી ભરી દો અને પાન નંબર નવેસરથી સક્રિય થાય તેની રાહ જુઓ તો તમે ઈન્કમટેક્સનું રિટર્ન ભરવાની ડેડલાઈન ચૂકી જાવ તેવી શક્યતા છે. ઈન્કમટેક્સ રિટર્ન ભરવામાં મોડું થશે તો તમારે ૫૦૦૦ રૂપિયા લેટ ફી ભરવી પડશે. આ ઉપરાંતઁછદ્રને ફરીથી સક્રિય કરવા માટે પણ તમારે ૧૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવો પડશે. આમ આધાર કાર્ડને સમયસર પાનકાર્ડ સાથે લિંક ન કરવી શકવાના કારણે તમારે ૬૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવો પડશે. અહીં એક વાતની નોંધ કરો કે તમારી આવક પાંચ લાખ રૂપિયાથી વધારે નહીં હોય તો તમને ઈન્કમ ટેક્સ મોડેથી ભરવા પર ૧૦૦૦ રૂપિયાની પેનલ્ટી લાગશે. એટલે કે **PAN**ને સક્રિય કરવાનો અને ટેક્સ રિટર્ન ભરવાનો કુલ ખર્ચ ૬૦૦૦ રૂપિયાના બદલે ૨૦૦૦ રૂપિયા થઈ જશે.

## રાજયમાં વધુ ૨૦ ઈ-ટ્રાફીક કોર્ટ શરૂ કરવાનો ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય

અમદાવાદ તા. ૮

ગુજરાતમાં મે મહિનાની ૩જી તારીખે અમદાવાદમાં વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની શરુઆત કર્યા બાદ હવે વધુ ૨૦ ઈ-ટ્રાફિક કોર્ટ શરુ કરવાનો ગુજરાત હાઈકોર્ટે શરુ કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં ઈ-ટ્રાફિક કોર્ટ શરુ થયા બાદ અરજદારોને પોલીસ સ્ટેશન સુધી ધક્કા ખાવામાંથી મુક્તિ મળી જશે. ગુજરાતમાં પોલીસ આરટીઓના ચલણ સાથે વન નેશન વન ચલણ પ્રોજેક્ટનું સંકલન થયુ છે. સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન હેઠળ ઈ-કોર્ટ પ્રોજેક્ટ હેઠળ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટ સમગ્ર રાજ્યમાં શરુ કરવામાં આવશે. રાજ્યમાં હવે અમદાવાદ બાદ અન્ય ૨૦ સ્થળોએ ઈ-ટ્રાફિક કોર્ટ શરુ કરવાનો ગુજરાત હાઈકોર્ટે નિર્ણય કર્યો છે. તેના માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૨૦ ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજેસ્ટ્રેટને નોટિફાઈ કરાયા છે. રાજ્યમાં હવે નવસારી, પંચમહાલ, ભાવનગર, દાહોદ, પોરબંદર, તાપી, અમરેલી, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને જૂનાગઢમાં ઈ-ટ્રાફિક કોર્ટ શરુ કરવામાંઆવશે. અરજદારોએ આ ઈ-કોર્ટમાં ચલણનું પેમેન્ટ ઈ પેમેન્ટ ગેટવેથી ઓનલાઈન ભરી શકાશે. જેમા ક્રેડિટ, ડેબિટ કાર્ડ, યુપીઆઈ તેમજ નેટ બેંકિંગ દ્વારા ઓનલાઈન સરળતાથી દંડ ભરી શકાશે. આ સુવિધા બાદ અરજદારોને ટ્રાફિકનો દંડ ભરવા માટે હવે કોર્ટની લાઈનમાં ઉભા રહેવું પડશે નહીં.

વાહનચાલકો ઈ-ચલણના દંડની રકમ ૯૦ દિવસમાં નહીં ભરે તો બાદમાં આપમેળે ઈ-ચલણ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટના સર્વરમાં મોકલી દેવામાં આવે છે અને ટ્રાફિક કેસોમાં વાહનના માલિકને નોટિસ તેમજ મોબાઈલ પર એસએમએસ દ્વારા દંડની જાણ કરવામાં આવે છે. તે સાથે દંડ ભરવાની લિંક પણ હોય છે. જો વાહનચાલકને દંડની રકમ સામે વાંધો હશે તો કેસ લડવા માટે જે-તે શહેરની અદાલતમાં તે કેસ મોકલી અપાશે.

## દેશભરમાં ચોમાસુ સક્રિય થવા છતાં ખરીફ પાકનું ઓછું વાવેતર

નવી દિલ્હી તા.૮ : બિહાર અને તેલંગાણા સિવાય દેશભરમાં ચોમાસુ સક્રિય છે અને આગામી બે-ત્રણ દિવસ સાર્વત્રીક વરસાદ થવાની આગાહી કરવામાં આવી હોવા છતાં દેશમાં ખરીફ વાવણી જોર પકડી શકતી ન હોય તેમ અત્યાર સુધીનું વાવેતર હજુ ૯ ટકા ઓછુ જ રહ્યું છે. ચોખા,તુવેર, અડદ, સોયાબીન તથા કપાસનાં વાવેતરમાં ઘટાડો છે. કેન્દ્ર સરકારનાં સતાવાર આંકડા મુજબ દેશમાં સરેરાશ ૧૦.૧ કરોડ હેકટરમાં ખરીફ વાવેતર થયુ હોય છે.તેમાંથી ૩.૫૩ કરોડ હેકટરમાં પૂર્ણ થયુ છે.જે સરેરાશ ૩૫ ટકા થવા જાય છે. મોટા હિસ્સામાં વાવેતર બાકી હોવાના કારણોસર હવે જુલાઈ-ઓગસ્ટનો વરસાદ નિર્ણાયક સાબીત થઈ શકે છે. મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં તુવેરનું મોટુ વાવેતર થતુ હોય છે. પરંતુ કેટલાંક ભાગોમાં વરસાદની ખાધ હોવાથી વાવેતર ઓછુ છે. કર્ણાટકમાં વરસાદની ખાધ ૩૬ ટકા તથા મહારાષ્ટ્રમાં જુદા જુદા ભાગોમાં ૩૧ થી ૪૩ ટકા છે.રાજયમાં અડદના વાવેતરમાં પણ મોટો ઘટાડો છે.


**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

**દુકાન વેચવાની છે**

મધુરમ વિસ્તાર સાંઈબાબા મંદિર સામે, ક્રોસ રોડ, મેગામોલ કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફલોરમાં ૬૦૦ ફૂટની, ૨૦૦ ફૂટની ત્રણ દુકાન વેચવાની છે

મળો : ૯૯૨૫૫ ૭૫૧૫૫

**પર્સનલ અને ગ્રુપ ટયુશન**

ધો. ૫ થી ૧૦
(ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)
માટે મળો.
ઝાંઝરડા રોડ, જૂનાગઢ
૭૦૪૬૦ ૬૯૬૫૭

**બંગલો વેચવાનો છે**

દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને **Touch** હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચ્યુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.

સંપર્ક : ૭૫૭૫૮ ૦૬૫૮૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# જૂનાગઢ જીલ્લામાં રાષ્ટ્રીય પારિતોષિક ૨૦૨૩ માટે શિક્ષકોએ ઓનલાઈન અરજી કરવી

## તા. ૧૫ જુલાઈ સુધી કાયમી શિક્ષકો અને મુખ્ય શિક્ષકો અરજી કરી શકશે

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં કાર્યરત કાયમી શિક્ષકો અને શાળાના મુખ્ય શિક્ષક રાષ્ટ્રીય પારિતોષિક ૨૦૨૩ માટેઓનલાઈન અરજી કરવાની રહેશે. માનવ સંસાધન વિભાગ નવી દિલ્હી તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામક ગાંધીનગર દ્વારા શિક્ષકો, મુખ્ય શિક્ષકો માટેની રાષ્ટ્રીય પારિતોષિક યોજના અમલમાંછે. જે અંતર્ગત માનવ સંસાધન વિકાસ મંત્રાલય શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા નવી માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે. આ માર્ગદર્શિકા મુજબ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં કાર્યરત કાયમી શિક્ષકોને, શાળાના મુખ્ય શિક્ષક રાષ્ટ્રીય પારિતોષિક ૨૦૨૩ માટે ઓનલાઈન દરખાસ્ત કરી શકશે. દરખાસ્ત કરવા ઈચ્છતા શિક્ષક, મુખ્ય શિક્ષકોએ તા.૧૫ જુલાઈ સુધીમાં MHRDની વેબસાઈટ http//nationalawardstoteaschers.education.gov.in ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે એમ જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સંવેદનશીલ ઉપક્રમ, વિકાસશીલ પ્રકલ્પ અને પ્રગતિશીલ સંકલ્પને સાર્થક કરતો જૂનાગઢ જીલ્લા રોજગાર ભરતી મેળો

## ૩૦૦ જેટલી જગ્યાઓ માટે યોજાયેલ ભરતીમેળામાં પ્રથમ તબક્કામાં ૩૦ યુવાઓએ કસોટી ઉત્તિર્ણ કરેલ





જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લાના કુશળ યુવાઓને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રતિષ્ઠિત એકમમાં રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર જૂનાગઢ મહાનગરપાલિકા અને જિલ્લા રોજગાર વિનિમય કચેરીનાં સંયુક્ત ઉપક્રમે મેયર ગીતાબેન પરમારના અધ્યક્ષસ્થાને ટાટા કન્સેલ્ટન્સીધ સર્વિસીસ ખાતેની બીપીઓની ૩૦૦ જેટલી ખાલી જગ્યા માટે શ્રી શામળદાસ ગાંધી ટાઉનહોલ ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રસ્તુત ભરતીમેળામાં મહાનગરપાલિકા કમિશ્નર રાજેશ તન્ના અને જિલ્લા રોજગાર અધિકારી પ્રશાંત ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આયોજનનું અસરકારક અમલીકરણ હાથ ધરતા જિલ્લાના ૧૫૦થી વધુ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભરતી મેળામાં પ્રથમ તબક્કામાં પસંદગી પ્રક્રિયા હેતુ લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૦ યુવાઓએ સફળતાપૂર્વક કસોટી ઉત્તિર્ણ કરેલ છે. બીજા તબક્કાનું ઈન્ટરવ્યું ઓનલાઈન હાથ ધરવામાં આવનાર છે તેમજ ત્યારબાદ આખરી પસંદગી મળેલ યુવાઓને નિમણૂંકપત્રો એનાયત કરવામાં આવશે. ટીસીએસ એકમ ખાતેથી પસંદગી માટે આવેલ ટીમ સભ્યો પૂજા નંદાણીયા, આયુશ્રી રાવલ, ધનશ્રી કોઠી અને અન્નુ લતા ઉપસ્થિત રહેલ હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હેતુ રોજગાર કચેરી અને મહાનગરપાલિકા કચેરીના સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. એમ જૂનાગઢ જિલ્લા રોજગાર અધિકારી પ્રશાંત ત્રિવેદી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ચુંટણીમાં વધુમાં વધુ મતદાન થાય એ માટે જૂનાગઢ જીલ્લા વહિવટી તંત્રની પહેલ

## ૨૦૨૪ ની ચુંટણી યુવા મતદારોની ભાગીદારી વધારવા ૫૬ કેમ્પસ એમ્બેનસેડર્સની નિયુકિત



જૂનાગઢ, તા.૮

આગામી વર્ષ-૨૦૨૪માં લોકસભા સામાન્ય ચુંટણી આવી રહી છે. ત્યારે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી ચુંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે અત્યારથી જ આયોજન કરવામાં આવી રહયુ છે. જેના ભાગરૂપે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા જીલ્લામાં કુલ-૫૬ કેમ્પસ એમ્બેહસેડર્સની નિયુકિત કરવામાં આવેલ છે. જે પૈકી ૮૫-માણાવદર વિધાનસભા મત વિસ્તારમાં-૦૯, ૮૬-જૂનાગઢ વિધાનસભા મત વિસ્તારમાં-૧૩, ૮૭, વિસાવદર વિધાનસભા મત વિસ્તારમાં-૧૨, ૮, કેશોદ વિધાનસભા મત વિસ્તારમાં-૧૨, ૮૯, માંગરોળ વિધાનસભા મત વિસ્તારમાં-૧૦ કેમ્પસ એમ્બેસેડર્સની નિયુકિત કરવામાં આવેલ છે. લોકશાહીને મજબુત બનાવવા અને કોઈ પણ મતદાર મતદાનથી વંચીત ન રહે તેમજ યુવા મતદારો સક્રિય રીતે લોકશાહીના મહાપર્વમાં ભાગીદાર બનેતે અર્થે આ કેમ્પસ એમ્બેસેડર્સની નિયુકિત કરવામાં આવેલ છે.

# કોડીનારના ઘાંટવડ ગામે મૃતક વૃદ્ધાના પરિવારને રૂા. પાંચ લાખની સહાય

## દીપડાના હુમલામાં મોત થયું હતું, આગેવાનોએ મુલાકાત લઈ પરિવારને સાંત્વના પાઠવી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૮



સાત દિવસ પૂર્વે કોડીનારના ઘાંટવડ ગામે સોનાબેન વાઢેળ નામના ૭૦ વર્ષના વૃદ્ધા ઉપર ખુંખાર દીપડાએ હુમલો કરી સોનાબેનનું કમકમાટી ભર્યુ મોત નિપજાવ્યું હતું. આ દુઃખદ બનાવને લઈને વનવિભાગની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી ત્યારે જ કોડીનારના ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજા, સુભાષભાઈ ડોડીયા (કોડીનાર એપીએમસી ચેરમેન), પ્રતાપભાઈ ડોડીયા (યુનિયન બેન્ક ચેરમેન), અમુભાઈ વાજા (ચેરમેન સામાજિક ન્યાય સમિતિ ગીર સોમનાથ), ડો .શૈલેષભાઈ, સરપંચ પ્રતિનિધિ અબ્દુલભાઈ મહેતર, પૂર્વ સરપંચ વાલજીભાઇ , હિતેષભાઈ ઝાલા , અશોકભાઈ વાઢેળ, સામતભાઈ વાઢેળ, આરએફઓ અશોકભાઈ અમીન તેમજ વન વિભાગના અધિકારીઓ પરિવારની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી અને સરકારના નિયમ મુજબ આપવામાં આવતી રૂા.૫ લાખની સહાય ચેક સોનાબેનના પરિવારને આપી તેમના દુઃખમાં ભાગીદાર થયા હતા. આ તકે ગ્રામજનો ઉપસ્થિત રહી પરિવારને હિમ્મત આપી હતી.

# સેન્સેક્સ ડેરિવેટિવ્ઝ ટર્નઓવરે નવો રેકોર્ડ બનાવ્યો, રૂા.૧૩.૫૮ લાખ કરોડ સુધી પહોંચ્યું

મુંબઈ, તા.૮

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ડેરિવેટિવ્ઝ બિઝનેસે રૂ. ૧૩,૫૮,૨૯૭ કરોડ (ઓપ્શન્સમાં રૂા. ૧૩,૫૮,૨૨૭ કરોડ અને ફ્યુચર્સમાં રૂા. ૭૦ કરોડ)ના રેકોર્ડ ટર્નઓવર સાથે આગળ વધવાનું ચાલુ રાખ્યું છે. ટર્નઓવર અગાઉના સપ્તાહના રૂા. ૮,૨૮,૧૦૮ કરોડના એક્સપાયરી ટર્નઓવરથી ૬૪% વધ્યું હતું. ૩૪.૪૮ લાખ ટ્રેડ્સ સાથે આજે કુલ ૨.૦૭ કરોડના કોન્ટ્રાક્ટના સોદા થયા હતા. કુલ ઓપન ઈન્ટરેસ્ટ એક્સપાયરી પહેલા રૂા.૫૩,૩૫૮ કરોડના મૂલ્યના ૮.૧૭ લાખ કોન્ટ્રાક્ટની ટોચે પહોંચી ગયું હતું. ઓપન ઈન્ટરેસ્ટ રિલોન્ચ થયા પછીથી ધીરેધીરે વધ્યુંછે અને ૨૦૦થી વધુ સભ્યોએ તેમાં રસ દર્શાવ્યો છે.

# સમસ્ત ગુજરાત ઘાંચી સમાજના મિડીયા કન્વીનર તરીકે કોડીનારના શબ્બીરભાઈ સેલોતની વરણી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૮



કોડીનારના પત્રકાર શબ્બીરભાઈ સેલોતની સમસ્ત ગુજરાત ઘાંચી સમાજના મીડિયા સેલમાં નિમણુંક કરવામાં આવતા અભિનંદન પાઠવવામાં આવ્યા છે. કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના પત્રકાર અને સમાજ સેવક શબ્બીરભાઈ સેલોતની સમસ્ત ગુજરાત ઘાંચી સમાજમાં મીડિયા સેલમાં નિમણુંક થતા ઘાંચી મુસ્લીમ સમાજ દ્વારા તેમની નિમણુંકને આવકારી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# નેસ્ટેરા દ્વારા ૧૨ પ્રીમિયમ કર્ટન અને અપહોલસ્ટરી કલેકશન્સ રજૂ કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૮

પ્રતિષ્ઠિત કે. કે. બિરલા ગ્રુપની સતલજ ટેકસટાઈલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ગૃહમાંથી અપહોલ્સ્ટરી અને ડ્રેપરી સેગમેન્ટમાં પ્રીમિયમ હોમ ફર્નિશિંગ્સ બ્રાન્ડમાં આગેવાન નેસ્ટેરા હોમ ડેકોર એકસપો ૨૦૨૩ (મુંબઈ) ખાતે કલેકશન્સના તેના નવીનતમ સેટ રજૂ કરવાની ઘોષણા કરવામાં ગૌરવની લાગણી અનુભવે છે. પારંપરિક અને સમકાલીન એસ્થોટિકસનું એકીકરણ નેસ્ટેરા દ્વારા ૧૨ નવાં પ્રીમિયમ કર્ટન અને અપહોલ્સ્ટરી કલેકશન્સ એવાં છે જયાં નિસર્ગ, અજોડ વ્યકિતત્વ, સ્ટાઈલ અને મનોહરતા અનુરૂપ સાથે એકબીજામાં લીન થાય છે. આ કલેકશન્સ દરેકના અજોડ વ્યકિતત્વને શોભે તે રીતે તૈયાર કરાયાં છે, જે દરેક વ્યકિત સાથે ઉત્તમ રીતે સુમેળ સાધશે, કારણ કે તમારી “અજોડ વાર્તાઓ અજોડ માહોલની હકદાર છે.”

ટૂંક સમયમાં જ નેસ્ટેરાએ તેની પર્સનલાઈઝ્ડ ઓફરો અને ખાસ તૈયાર કરાયેલી લકઝી ડિઝાઈનોને ધ્યાનમાં લેતાં હોમ ડેકોરમાં અગ્રતાની બ્રાન્ડ તરીકે પોતાને પ્રસ્થાપિત કરી છે. વર્ષ દર વર્ષ વૃદ્ધિ વિશે બોલતાં સતલજ ટેકસટાઈલ્સ અને ઈન્ડસ્ટ્રીઝ લિ.ના પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી ઉપદીપ સિંહ છતરથે જણાવ્યું હતું કે, “સતલજ ટેકસટાઈલ્સ હંમેશાં બીરબી ટેકસટાઈલ વેપારમાં અગ્રતાની ખેલાડીમાંથી એક રહી છે. હોમ ટેકસટાઈલ્સ અને ફેબ્રિકના પ્રવાહો દર વર્ષે ઉત્ક્રાંતિ પામતા રહ્યા છે અને અમે નાગરિકોના વ્યકિતત્વ અને ગ્રાહકોની માગણી દ્વારા પ્રભાવિત ગુણવત્તાયુકત પ્રોડકટો સાથે અમારા ગ્રાહકોને મદદરૂપ થવા માટે મહત્તમ સ્થાનબદ્ધ છીએ. આથી નેસ્ટેરા સાથે અમારું લક્ષ્ય ગેટ-ગોથી લઈને અમારા ગ્રાહકો સાથે મજબૂત જોડાણ નિર્માણ કરવાનું છે, જેમાં અમે તેમની જીવનશૈલી અપગ્રેડ થાય તેવું આધુનિક સેટ-અપ નિર્માણ કરવા તેમની જરૂરતો અને માંગણીઓને પહોંચી વળવા માટે મદદરૂપ થઈએ છીએ. અમારું લક્ષ્ય સતત ઈનોવેશન પ્રેરિત કરવાનું છે અને અમારા ગ્રાહકોને અમારી એકધારી વૃદ્ધિનો દાખલો ડિઝાઈન- ફર્સ્ટ પ્રોડકટો પ્રદાન કરવાનું છે.”

બોલ્ડ અને વાઈબ્રન્ટ પેટર્નથી લઈને સૂક્ષ્મ મનોબર અને રિફાઈન્ડ ટેકસ્ચર્સ સુધી નેસ્ટેરાનાં નવાં કલેકશન્સ ઘણા બધા વિકલ્પો પ્રદર્શિત કરે છે, જે દરેકના અજોડ વ્યકિતત્વને શોભે તેવું કશું હોવાની ખાતરી રાખે છે. નેસ્ટેરાના શિબુઈ કલેકશન સાથે ઓરિયેન્ટલ એસ્થેટિકસના હાર્દમાં રોચક પ્રવાસ કરી શકાય છે.

# વિવાદોની પર્યાય સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિવાદમાં! ઇન્ચાર્જ કુલપતિ ભીમાણીનો યુ-ટર્ન!

રાજકોટ તા. ૮

વિવાદોની પર્યાય સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિવાદમાં આવી છે. ભારતીય સંસ્કૃતિ વિષયનાં શિક્ષક ન હોવાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પરિપત્ર બહાર પાડીને કોલેજોને ભારતીય સંસ્કૃતિ વિષય વિદ્યાર્થીઓને ન રાખવા દેવાનો આદેશ કર્યો હતો. જોકે આ વિવાદવકરતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં ઈન્ચાર્જ કુલપતિ પ્રો. ગીરીશ ભીમાણીએ યુ-ટર્ન લીધો અને તાત્કાલિક પરિપત્ર રદ કરવાનો આદેશ કર્યો હતો. "રોજ રોજ કૌંભાડ જ આવે, બોલ ભાઈ ભજીયા શેં ભાવે" આ કવિતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં ગુજરાતી ભવનનાં અધ્યક્ષ ડો. મનોજ જોશી દ્વારા લખવામાં આવી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કૌંભાડો ઉજાગર કરતી કવિતા લખનાર ડો. મનોજ જોશીને ઈન્ચાર્જ કુલપતિ પ્રો. ગીરીશ ભીમાણીએ સસ્પેન્ડ કરી દીધા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જોહુકમી શાસન ચલાવતા ઈન્ચાર્જ કુલપતિ ભીમાણી સામે અવાજ ઉઠાવનારાઓને સસ્પેન્ડ કે પછી પદભ્રષ્ટ કરવાની પ્રથા શરૂ થઈ છે. કર્મચારીઓ પર જોહુકમી ચલાવનાર ઈન્ચાર્જ કુલપતિ ભીમાણી સત્તાના નશામાં એ ભૂલી ગયા કે, કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સંસ્કૃતિનાં અભ્યાસ ક્રમ શરૂ કરવાનાં છે. જોકે પ્રો. ભીમાણીએ તો એવો હુકમ કરતા પરિપત્ર જાહેર કર્યો કે ભારતીય સંસ્કૃતિના વિષય વિદ્યાર્થીઓને રાખવા દેવો નહિં. આ પરિપત્ર જાહેર થતા જ વિવાદ શરૂ થયો. શિક્ષણ વિભાગનાં ઈન્ચાર્જ ડિન ડો. નિદત બારોટે આ નિર્ણયને લઈને ઈન્ચાર્જ કુલપતિને પત્ર લખીને દુખ વ્યક્ત કર્યું અને કહ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ભારતીય સંસ્કૃતિ વિષય બંધ કરવાને બદલે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ ભારતીય સંસ્કૃતિના અનુસ્નાતક કેન્દ્રનો પ્રારંભ કરવો જોઈએ. વિવાદ સર્જાતા ઈન્ચાર્જ કુલપતિ પ્રો. ગીરીશ ભીમાણીએ યુ-ટર્ન લીધો હતો અને તાત્કાલીક અસર થી પરિપત્ર રદ કરવાનો આદેશ આપ્યો હતો. ઈન્ચાર્જ કુલપતિ ભીમાણીએ જણાવ્યું હતું કે, શિક્ષક ન હોવાથી આ પરિપત્ર કરવામાં આવ્યો હતો પરંતુ હવે તે પરિપત્ર રદ કરી દેવામાં આવ્યો છે અને વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ વિષય રાખી શકશે.

### ઉચ્ચ શિક્ષણ વિભાગ પણ પાંગળું કેમ ?

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં એક બાદ એક કૌંભાડો સામે આવ્યા. ઉચ્ચ શિક્ષણ વિભાગની તપાસ કમિટીએ પણ પુરાવાઓ આપ્યા. છતાં પણ રાજ્ય સરકારનું ઉચ્ચ શિક્ષણ વિભાગ ઈન્ચાર્જ કુલપતિ પ્રો. ગીરીશ ભીમાણી સામે પગલા લેવામાં પાંગળું સાબિત થયું છે. ખુદ રાજ્યનાં ઉચ્ચ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે પગલા લેવાની તૈયારી દર્શાવી પરંતુ રાજકીય દબાણ લાવીને પ્રો. ભીમાણીએ ઉચ્ચ શિક્ષણ મંત્રીને પણ પોતાનું રાજકીય વગ બતાવી દીધું હતું. શિક્ષણ જગતમાં ચાલતી ચર્ચા મુજબ, સુરતમાં ડાયમંડનાં વેપાર સાથે અને અમરેલીમાં શિક્ષણ જગત સાથે જોડાયેલા ઉદ્યોગપતિને કારણે પ્રો. ગીરીશ ભીમાણીની ખુરશી બચી છે. જોકે એક કેન્દ્રીય મંત્રીએ મુખ્યમંત્રી અને ઉચ્ચ શિક્ષણ વિભાગ પર રાજકીય દબાણ લાવતા મામલો થાડે પડ્યો હતો.

### કૌભાંડો છતાં કરતા લેટરો ખોલશે ભીમાણીકાંડ'?

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં રાજકારણમાં રાજયસભાનાં સાંસદ રામ મોકરીયાની પણ પાલી ચાલી નહોતી તે સૌ કોઈ જાણે છે. પરંતુ હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં જ કરારી અધ્યાપક પ્રો. ગીરીશ ભીમાણીનાં કાંડ બહાર લાવવા માટે થનગની રહ્યા છે. નામ જોગ પીએમઓ ઓફિસ સુધી ફરીયાદ કરવાની પણ તૈયારી કરાર આધારીત અધ્યાપકોએ દર્શાવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કવરમાં આવેલા પત્રમાં લખ્યું છે કે, પૂર્વ સિન્ડીકેટ ડો. મહેશ ચૌહાણની કોલેજનો લેટરકાંડ, માટી કૌંભાડની ફાઈલ ગુમ અને ડો. કલાધર આર્યની ખોટી અરજી પણ કરાર આધારીત કર્મચારી દ્વારા કરાવવામાં આવી હોવાનો પત્રમાં ઉલ્લેખ કરાયો છે. પૂર્વ સિન્ડીકેટ સભ્ય ડો. મહેશ ચૌહાણને ઈન્ચાર્જ કુલપતિ ભીમાણીએ પોતાની ઓફિસમાં બોલાવી લેટરકાંડ થયો હોવાની પણ જાણ કરી હતી. એટલું જ નહિં શારિરીક શિક્ષણ વિભાગની મહિલા કર્મચારી ભારે ચર્ચા છે જેનાં લાખો રૂપીયાના બિલ તાત્કાલીક પાસ કરાયા પરંતુ કરાર આધારીત કર્મચારીઓનાં પગાર બે-બે મહિના સુધી કરાતા નહોવાનો ઉલ્લેખ પત્રમાં છે. ધારીની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનાં કૌંભાંડમાં પણ એલઆઈસીની મંજૂરીમાં છ આંકડાનો વહિવટ કર્યો હોવાનો ઉલ્લેખ છે. રાજય સરકાર પ્રો. ગીરીશ ભીમાણીને પદ પર થી નહિં હટાવે તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં એક પછી એક કાંડ સરકારને પણ ભીંસમાં મુકી શકે છે.

# કચ્છમાં દર્દીનું કોંગોથી મોત થતાં ખળભળાટ મચી જવા પામ્યો

કચ્છ, તા.૭

કચ્છમાં દર્દીનું કોંગોથી મોત થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. અંજારના લાખાપર ગામના ૫૧ વર્ષીય પ્રૌઢનું અમદાવાદમાં સારવાર દરમિયાન મોત થયું છે. મોત બાદ ૧૩ જેટલા પરિવારજનોના સેમ્પલ ટેસ્ટ કરાયા હતા. સેમ્પલ લઈ ગેઈમ્સની લેબોરેટરીમાં મોકલવાયા હતા, જે નેગેટિવ આવ્યા છે. આ અંગે અમદાવાદથી મેડિસીન વિભાગના પ્રોફેસરે ભુજમાં બેઠક યોજી હતી તમને જણાવી દઈએ કે પશુઓમાં રહેલી ઈતરડીથી કોંગો ફેલાય છે.

કચ્છ જિલ્લા પંચાયતના રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. જિતેશ ખોરસિયાએ જણાવ્યું હતું કે, ૧૮મી જુને અંજાર તાલુકાના લાખાપર ગામના ૫૧ વર્ષીય અરજણ ભાઈ ચાડને ચાંદરાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમે શંકાસ્પદ કોંગોનો કેસ શોધ્યો હતો. કચ્છમાં કોંગો તાવ એટલે કે ક્રેમિયન કોન્ગો હેમરેજિક ફીવરનો કેસ નીકળતાં આરોગ્ય તંત્ર અને પશુપાલન વિભાગ દોડતું થયું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરી પ્રાથમિક સારવાર પૂરી પાડ્યા બાદ આ દર્દીને અંજારની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર આપવામાં આવી હતી. અંજારની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપ્યાબાદ દર્દીને ૨૬મી જૂનના અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર માટે લઈ જવાયા હતા, જ્યાં લો બ્લડ પ્રેશરના કારણે તેમનું મોત થયું હતું. મૃત્યુબાદ અરજણ ચાડના નજીકના ૧૩ જેટલા સગા-સંબંધીના સિરમ સેમ્પલ લઈ ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં ગેઈમ્સની લેબોરેટરીમાં મોકલવાયા હતા જે નેગેટિવ આવ્યા હતા. કોંગો તાવના લક્ષણો અંગે વાત કરતા ડૉ.જીતેશ ખોરસિયાએ જણાવ્યું હતું કે, આ રોગ પશુઓમાં જોવા મળતી ઈતરડીના કારણે થયા છે અને રોગમાં સખત તાવ આવે છે અને સંડાસમાં ખુબ જ લોહી પડે છે. ઉપરાંત શરીરની આખી ચામડી ખોટી પડી જાય છે. જો કોઈપણ પશુપાલકોને આવા લક્ષણો જણાય તો તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર સારવાર લેવી તેમજ કચ્છ જિલ્લા પંચાયત કે આરોગ્ય કેન્દ્રનું સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સીબીઆઈએ રેલવેના ત્રણ કર્મચારીઓની ધરપકડ કરી

ભુવનેશ્વર, તા.૭

બાલાસોર ટ્રેન અકસ્માતની તપાસ કરી રહેલી સીબીઆઈએ રેલવેના ત્રણ કર્મચારીઓની ધરપકડ કરી છે. સીબીઆઈએ સીનિયર સેક્શન એન્જિનિયર અરુણ કુમાર મોહંતા, સેક્શન એન્જિનિયર મોહમ્મદ અમીર ખાન અને ટેકનિશિયન પપ્પુ કુમારની આઈપીસીની કલમ ૩૦૪ અને ૨૦૧ અંતર્ગત ધરપકડ કરી છે. ગત ૨ જૂને થયેલા બાલાસોર ટ્રેન અકસ્માતમાં ૨૯૨ લોકોના મોત થયા હતા, જ્યારે એક હજારથી વધુ લોકો ઘાયલ થયા હતા. આઈપીસીની કલમ ૨૦૧ અંતર્ગત પુરાવાનો નાશ કરવાના, જ્યારે ૩૦૪ અંતર્ગત બિન ઈરાદાપૂર્વક હત્યાનો કેસ નોંધવામાં આવે છે. બિન ઈરાદાપૂર્વક હત્યાની સજામાં ગુનાની ગંભીરતાને જોતા આજીવન કેદ અને દંડ કે આકરી જેલ સામેલ છે.


### નવી શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

# રાજ્યની તમામ ખાનગી-સરકારી યુનિવર્સિટી તથા કોલેજોમાં કોમન કરીક્યુલમ-ક્રેડિટ ફ્રેમવર્ક લાગુ

## રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી ફરજિયાત અમલ કરાશે, ચાર વર્ષની સ્નાતક ઓનર્સ/રિસર્ચ ડિગ્રી મેળવનારે પોસ્ટ ગ્રેજ્યુએટ માટે માત્ર ૧ વર્ષ માટે ભણવાનું રહેશે

ગાંધીનગર, તા.૮

નવી શિક્ષણ નીતિ અંતર્ગત ગુજરાતની તમામ ખાનગી અને સરકારી યુનિવર્સિટી, કોલેજ તથા માન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્ક દાખલ કરવા સંદર્ભે કેબિનેટ બેઠકમાં રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કની અમલવારી થકી તા.૧૫મી જૂન ૨૦૨૩થી પ્રવેશ મેળવનાર તમામ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને લાભ થશે. શિક્ષણ વિભાગદ્વારા આ સંદર્ભે વિસ્તૃત ઠરાવ બહાર પાડવામાં આવશે. જેનો રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી ફરજીયાતપણે અમલ કરવાનો રહેશે. હવેથી જે વિદ્યાર્થીઓ ચાર વર્ષની સ્નાતક ઓનર્સ/રીસર્ચ ડીગ્રી મેળવશે, તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રીમાટે માત્ર એક જ વર્ષ અભ્યાસ કરવાનો રહેશે. આ અંગે પ્રવક્તામંત્રી ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતા કહ્યું કે, **NEP-2020**ની વિવિધ જોગવાઈઓમાંથી એક કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કને સુદૃઢ બનાવવા લેવાયેલા આ નિર્ણય અંતર્ગત પ્રતિ સેમેસ્ટર ૨૨ ક્રેડીટનું માળખું નક્કી કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓ ત્રણ વર્ષના અંતે કુલ ૧૩૨ અને ચાર વર્ષના અંતે કુલ ૧૭૬ ક્રેડીટ પ્રાપ્ત કરી શકશે. તેમણે ઉમેર્યું કે, આ સંદર્ભનો ડ્રાફ્ટ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ/ કોલેજો/ વાઈસ ચાન્સેલરો/ આચાર્ય/ અધ્યાપકો/ અન્ય તમામ પ્રજાજનો માટે વિવિધ શૈક્ષણિક સંગઠનો અને વિદ્યાર્થી સંગઠનો સમક્ષ સરકારના શિક્ષણ વિભાગ માટે જાહેરમાં મુકવામાં આવ્યો હતો. જેમાં ૪૭ સ્ટેકહોલ્ડર્સ પાસેથી કુલ ૧૯૭ સૂચનો પ્રાપ્ત થયા હતા. જેને ધ્યાને લેતાં કોમન કરીક્યુલમ અને ક્રેડીટ ફ્રેમવર્કનો સરકારીઠરાવ આખરી કરવામાં આવ્યો છે. તમામ સૂચનો ધ્યાનમાં લઈ શિક્ષણ વિભાગ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં કોમન કરીક્યુલમ અને ક્રેડીટ ફ્રેમવર્કનો સરકારી ઠરાવ બહાર પાડવામાં આવશે. ત્યારબાદ તેના અમલીકરણ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસિજર પણ જાહેર કરવામાં આવશે. જેનો અમલ ગુજરાતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪થી ફરજીયાતપણે કરવાનો રહેશે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, યુજી સર્ટિફીકેટ, યુજી ડિપ્લોમા, ત્રણ વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ જેમાં સ્નાતક કક્ષાની ડિગ્રી, સ્નાતક કક્ષાની ઓનર્સ, તથા સ્નાતક રિસર્ચ કક્ષાની ડિગ્રીઓ, એનાયત કરવામાં આવશે. આ માળખામાં મેજર (કોર) મુખ્ય પાઠ્યક્રમ રહેશે. ગૌણ વિષયમાં માઈનર ઈલેકટીવ,



મલ્ટીડિસિપ્લીનરી (બહુ વિદ્યાશાખાકીય), સંલગ્ન સબંધિત કોર્સિસનું બાસ્કેટ પણ રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થી સમર ઈન્ટર્નશિપ કોર્સિસથી ૪ ક્રેડિટ પ્રાપ્ત કરી શકશે. વિદ્યાર્થી ત્રણ વર્ષ પછી સ્નાતક, ચાર વર્ષના અભ્યાસ પછી સ્નાતક ઓનર્સ અથવા સ્નાતક ઓનર્સ વિથ રિસર્ચની ડિગ્રી નિયત ક્રેડીટ પ્રાપ્ત થતાં મેળવી શકશે. જે વિદ્યાર્થીઓ ચાર વર્ષની સ્નાતક ઓનર્સ/ રીસર્ચ ડીગ્રી મેળવશે, તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રીમાટે માત્ર એક જ વર્ષ અભ્યાસ કરવાનો રહેશે. વર્ષ ૨૦૨૩-૨૪ થી ક્રેડિટ અને અભ્યાસક્રમ માળખું (**AICTE, PCI, BCI, COA, NCTE,** વગેરે દ્વારા નિયંત્રિત સિવાયના અભ્યાસક્રમો) માટે લાગુકરવાનું રહેશે. જયારે ચોથા વર્ષનો ઓનર્સ/ઓનર્સ વિથ રિસર્ચ પ્રોગ્રામ (લેવલ-૦૬) શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી લાગુ થશે. મંત્રીએ કહ્યુ કે, અત્યારે કોલેજ/ યુનિવર્સિટીઓમાં વિષયનાં જે માળખાં છે, તે વિદ્યાર્થીને નિયત સ્વરૂપમાં જ પસંદગી આપે છે, નવી શિક્ષણનીતિમાં આ મર્યાદાઓ દૂર થાય છે અને વિદ્યાર્થી પોતાની પસંદગી અનુસાર વિવિધ વિષયો નિયત બાસ્કેટમાંથી કે અન્ય યુનિવર્સિટીના વિષયોના બાસ્કેટમાંથી પસંદગી કરી શકશે. એટલું જ નહિ, કોઈપણ વિદ્યાર્થી એન્ટ્રી/એક્ઝીટ દરમ્યાન અભ્યાસના પ્રથમ વર્ષનેઅંતે નિયત ક્રેડીટ/ સ્કિલના આધારે સર્ટીફિકેટ, બીજા વર્ષને અંતે ડીપ્લોમા પ્રાપ્ત કરી સંજોગો અનુસાર રોજગારી માટે જઈ શકશે અને ફરી નિયત સમય મર્યાદામાં પુર્નઃ અભ્યાસ માટે પરત આવી શકશે.

# હવે ૧૦ વર્ષના બોન્ડવાળા શિક્ષકો પણ જિલ્લા આંતરિક બદલીમાં ભાગ લઈ શકશે

### શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાસહાયક - શિક્ષકોની બદલી અંગેના નિયમોમાં સુધારો કરાયા

અમદાવાદ, તા.૮

શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાસહાયક અને શિક્ષકોની બદલીના નિયમોમાં સુધારો કર્યો છે. અત્યાર સુધી ૧૦ વર્ષના બોન્ડવાળા શિક્ષકોને જિલ્લા આંતરિક બદલીનો લાભ મળતો ન હતો. પરંતુ હવે કરવામાં આવેલા સુધારા અનુસાર આવા શિક્ષકોને પણ જિલ્લા આંતરિક બદલી અંગેનો લાભ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જેથી હવે ૧૦ વર્ષના બોન્ડવાળા શિક્ષકો જિલ્લા ફેરબદલી, જિલ્લા ફેર અરસપરસ, જિલ્લા આંતરિક અને જિલ્લા આંતરિક અરસપરસ બદલીમાં પણ ભાગ લઈ શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગના ઠરાવથી એક જ તાલુકામાં ૧૦ વર્ષ સુધી ફરજો બજાવવાની શરતેવિદ્યાસહાયકોની નિમણુંકો કરવામાં આવેલી હતી. આવા વિદ્યાસહાયકોને ૧૦ વર્ષ સુધી જિલ્લાફેર કે જિલ્લા આંતરિક બદલીઓનો લાભ મળતો ન હતો. વિભાગના ૨૦૨૨ના ઠરાવથી આવા વિદ્યાસહાયકોની પાંચ વર્ષની સેવા પુરી થયા બાદ જિલ્લા ફેરબદલી અને જિલ્લા ફેર અરસપરસ બદલી માટે અરજી કરી શકશે તેવી જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ તેઓને જિલ્લા આંતરિક કે જિલ્લા આંતરિક અરસ પરસ બદલીનો લાભ મળતો ન હતો. જેથી આવા વિદ્યાસહાયકો હાઈકોર્ટમાં ગયા હતા. જેમાં હાઈકોર્ટના ઓરલ ઓર્ડર મુજબ આવા વિદ્યાસહાયકોને જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં ભાગ લેવા અનુમતિ આપવા માટે હુકમ કરવામાં આવ્યો છે. ઉપરાંત એક જ તાલુકામાં ૧૦ વર્ષ સુધી ફરજો બજાવવાની શરતે નિમણુંક પામેલા વિદ્યાસહાયકો દ્વારા જિલ્લા આંતરિક બદલી કેમ્પ તથા જિલ્લા આંતરિક અસર પરસ બદલીમાં ભાગ લેવા અનુમતિ આપવા માટે વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. જેથી વિભાગદ્વારા હાઈકોર્ટના ઓર્ડર અને વિવિધ રજૂઆતોને ધ્યાને લઈને બદલીના નિયમોમાં સુધારો કર્યો છે. હાલની જોગવાઈ અનુસાર, ૧૦ વર્ષ એક જ તાલુકામાં નોકરી કરવાની શરતે જે વિદ્યાસહાયકોને નિમણુંક આપવામાં આવી હોય, અને પાંચ વર્ષની નોકરી પૂર્ણ કરે તેઓ જિલ્લા ફેરબદલી અને જિલ્લા ફેર અરસપરસ બદલી માટે અરજી કરી શકશે. પરંતુ આવા શિક્ષકો- વિદ્યાસહાયકો જિલ્લા આંતરિક બદલીમાં ભાગ લઈ શકશે નહીં તેવી જોગવાઈ છે. જોકે, વિભાગ દ્વારા તેમાં સુધારો કર્યો છે.જે અનુસાર હવે ૧૦ વર્ષ એકજ તાલુકામાં નોકરી કરવાની શરતે જે વિદ્યાસહાયકોનેનિમણુંક આપવામાં આવેલી છે અને ૫ વર્ષની નોકરી પુર્ણ કરે તેમને જિલ્લા આંતરિક અને જિલ્લા અરસ પરસ બદલી કેમ્પમાં પણ ભાગ લઈ શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે નોકરીમાં જોડાયેલા વિદ્યા સહાયક-શિક્ષક સામે અરસપરસ બદલીમાં પોતાના વિભાગ અને વિષયમાં માંગે ત્યારે બંને શિક્ષકોનો ૧૦ વર્ષ પૂર્ણ કરવાનો જેટલો સમયગાળો બાકી હશે તે અરસ પરસ બદલીથી ગયેલા તાલુકામાં તેટલા સમયગાળા પુરતો ફરીથી બાંહેધરી આપવાની શરતે અરસપરસ બદલીનો લાભ આપી શકશે, પરંતુ કોઈ પણ સંજોગોમાં બાંહેધરીવાળા શિક્ષકોની સામે ૧૦ વર્ષ સુધી એક જ તાલુકામાં ફરજ બજાવવાની શરતે નોકરીમાં જોડાયેલા વિદ્યાસહાયકની અરસપરસ બદલી થઈ શકશે નહીં, તેવી જોગવાઈ હતી તે રદ કરવામાં આવી છે.

# ગીર નેશનલ પાર્કમાં એશિયાટીક સિંહો અને જંગલી પશુઓ માટે નવો મેનેજમેન્ટ પ્લાન બનાવવા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી




અમદાવાદ, તા.૮

રાજ્યના સૌરાષ્ટ્રમાં આવેલા ગીર નેશનલ પાર્કમાં એશિયાટીક સિંહો અને જંગલી પશુઓ માટે નવો મેનેજમેન્ટ પ્લાન બનાવવા હાઈકોર્ટમાં જાહેરી હિતન અરજી કરવામાં આવી હતી. તેની પ્રાથમિક સુનાવણી બાદ હાઈકોર્ટે રાજ્ય સરકાર અને ફોરેસ્ટ વિભાગને નોટીસો કાઢીને વધુ સુનાવણી આગામી દિવસોમાં મુલતવી રાખવામાં આવી હતી. અરજદારો ડી.એમ. નાઈક, મયંક ભટ્ટ અને રમેશ રાવલ દ્વારા કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, ગીરના અભ્યારણ્યખાતે સમગ્ર વિશ્વમાં એક માત્ર એશીયાટીક સિંહોનું અભયારણ્ય છે. અહિં બીજા પણ જંગલી પશુઓ રહે છે અને વાઈલ્ડ લાઈફ એક્ટ અને બીજા કાયદા મુજબ રક્ષિત જંગલો છે. પરંતુ સમયાંતરે અહિં ખૂબ જ ગીરના અભ્યારણ્યની આસપાસ ખૂબ જ ધંધાદારી બાંધકામો થઈ ગયા છે અને પ્રવૃત્તિઓ થઈ રહી છે. ગીરના જંગલના નેશનલ પાર્ક એરિયાને અડીને રીસોર્ટ, હોટલ સહિતની પ્રવૃત્તિઓ થાય છે. તેના કારણે જંગલી પ્રાણીઓ માટે મુશ્કેલી થઈ રહી છે. અરજીમાં વધુમાં રજૂઆત કરાઈ હતી કે, ગીરના જંગલોમાં હાઈ ટેન્શન વાયરો પણ નાખવામાં આવ્યા છે તેના કારણે પ્રાણીઓના જીવ ઉપર જોખમ ઉભું થાય છે. આથી તેમનું રક્ષણ થવું જરૂરી છે. બીજા બાજુ ગીર મેનેજમેન્ટ પ્લાન છે તે વર્ષો જૂનો છે અને સ્થાનિક લોકોને તેના માટે વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી. ગીર મેનેજમેન્ટ પ્લાન છે તે સમયજતા તેમાં પરિવર્તન જરૂરી છે. આ પ્લાન એક્સપર્ટ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે પરંતુ તેઓ આ વિસ્તારના ભૂગોળઅને સ્થાનિક સ્થિતીથી વાકેફ નહી હોવાથી તેનું યોગ્ય અમલીકરણ થઈ શકતું નથી. વળી આવા આયોજનમાં લોક જાગૃતિ માટે યોગ્ય સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું નથી. અરજીમાં એમ પણ રજૂઆત કરાઈ હતી કે, ગીરનો અભયારણ્ય વિસ્તાર વધ્યો છે પરંતુ લોકોની સમસ્યા અને સ્થળાંતર બાબતે કોઈ વિચાર મેનેજમેન્ટ પ્લાનમાં કરવામાં આવ્યો નથી. આ બાબતે યોગ્ય સ્ટડી કરીને વન્ય જીવો, લોકોની સમસ્યા અને પર્યાવરણની જાળવણી એમતમામ બાબતોનો વિચાર કરીને યોગ્ય મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવો જોઈએ.

# શિક્ષણ બોર્ડની પૂરક પરીક્ષામાં રાજ્યના ૨.૫૯ લાખ વિદ્યાર્થી બેસશે

અમદાવાદ, તા.૮

શિક્ષણ બોર્ડ દ્વારા ૧૦ જુલાઈથી લેવાનારી પૂરક પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી ૨.૫૯ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. પરીક્ષા માટે શિક્ષણબોર્ડદ્વારા સમગ્રરાજ્યમાં ૭૬૫ બિલ્ડિંગો નક્કી કરાય છે અને તેમાં ૭૫૩૦ વર્ગખંડોમાં પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ વહેલી તકે પરિણામ જાહેર કરવામાં આવશે, જેથી પાસ થયેલા વિદ્યાર્થીઓ આગળના ધોરણમાં પ્રવેશ મેળવી શકશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકશિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩માં લેવામાં આવેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જુલાઈમાં પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. પૂરક પરીક્ષાને લગતી તૈયારીઓ થયા બાદ બોર્ડદ્વારા પૂરક પરીક્ષા અંગેનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. શિક્ષણ બોર્ડદ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર ધો.૧૦ની પૂરક પરીક્ષા ૧૦ જુલાઈથી શરૂ થશે અને ૧૪ જુલાઈના રોજ પૂર્ણ થશે. જ્યારે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહની પૂરક પરીક્ષા ૧૦ જુલાઈથી શરૂ થશે અને ૧૨ જુલાઈના રોજ પૂર્ણ થશે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૩ જુલાઈના રોજ લેવામાં આવનાર છે. દરમ્યાન આ વખતે શિક્ષણ બોર્ડની પૂરક પરીક્ષામાં ધો.૧૦ અને ૧૨ના મળી કુલ ૨,૫૯,૩૮૫ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. સમગ્ર રાજ્યમાં ૭૬૫ બિલ્ડિંગોનો ઉપયોગ કરવામાં આવનાર છે. જેમાં ૭૫૩૦ વર્ગખંડોમાં બોર્ડ દ્વારા પૂરક પરીક્ષા લેવાશે. ધો.૧૦ની પૂરક પરીક્ષા માટે સમગ્રરાજ્યમાં ૧,૮૪,૮૩૧ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમની પરીક્ષા માટે ૪૭૬ બિલ્ડિંગોમાં ૪૭૪૩ વર્ગખંડનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૫૮,૮૮૧ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે નોંધાયા છે. જેમની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૨૦૮ બિલ્ડિંગોમાં ૨૦૦૧ વર્ગખંડનો ઉપયોગ કરાશે. જ્યારે ધો.૧૨ સાયન્સમાં લેવાનારી પૂરક પરીક્ષા માટે ૧૫,૬૭૩ વિદ્યાર્થીઓ નોંધાયા છે અને તેના માટે રાજ્યમાં ૮૧ બિલ્ડિંગમાં ૭૮૬ વર્ગખંડનો ઉપયોગ કરવામાં આવશે. બોર્ડની પરીક્ષા ૧૪ જુલાઈના રોજ પૂર્ણ થયા બાદ વહેલી તકે પરિણામ જાહેર કરવામાં આવશે.

# શું બિહારમાં પણ મહારાષ્ટ્ર જેવી સ્થિતિ થશે ? : રાજકીય નેતાઓ શું કહે છે ?

(એજન્સી) તા.૮

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ **(NDA)**ના રાજકીય નેતાઓ સૂચવે છે કે, બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારની આગેવાની હેઠળના **JD(U)** સહિત અન્ય વિરોધ પક્ષોમાં મહારાષ્ટ્ર જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. નીતિશકુમારની પાર્ટીમાં સંભવિત ભંગાણ અંગે અન્ય રાજકીય નેતાઓ શું કહે છે ? બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન સુશીલ મોદીએ મહારાષ્ટ્ર જેવી સ્થિતિની સંભાવનાનો સંકેત આપ્યો હતો અને દાવો કર્યો હતો કે, નીતિશકુમારે ભાજપ સાથે લાંબા સમયથી સંબંધ તોડી નાખ્યા પછી **JD(U)** ધારાસભ્યો 'દગો' અનુભવે છે. તેમણે એમ પણ કહ્યું કે, બિહારના મુખ્યમંત્રીએ છેલ્લા ૧૭ વર્ષોમાં તેમના ધારાસભ્યોની અવગણના કરી હતી અને હવે તેઓ તેમને વ્યક્તિગત રીતે મળી રહ્યા છે અને તેઓ તેને 'ગભરાટની નિશાની' ગણાવી રહ્યા છે. બિહારમાં પણ બળવાની સ્થિતિ સર્જાઈ રહી છે કારણ કે, નીતિશકુમારે છેલ્લા ૧૭ વર્ષમાં ક્યારેય તેમના ધારાસભ્યો અને સાંસદોને મળવા માટે એક મિનિટ પણ આપી નથી. તેઓએ રાહ જોવી પડી હતી. હવે તેમાંથી દરેકને અડધા કલાકનો સમય આપવામાં આવી રહ્યો છે. કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલેએ પણ સુશીલ મોદીએ જે કહ્યું તેના જેવા જ કારણો સૂચવતા નીતિશકુમારના પક્ષમાં ભંગાણની સંભાવનાનો ઉલ્લેખ કર્યો છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે રાષ્ટ્રીય લોક દળના વડા જયંત ચૌધરી એનડીએ ગઠબંધનમાં જોડાશે કારણ કે, તેઓ પટનામાં તાજેતરની વિપક્ષની બેઠકમાં હાજર રહ્યા ન હતા. બિહારમાં મહારાષ્ટ્ર જેવી સ્થિતિ સર્જાઈ શકેછે કારણ



કે, ઘણા ધારાસભ્યો નીતિશકુમારના આરજેડી સાથે હાથમિલાવ્યાથી નાખુશ છે. તેવી જ રીતે યુપીમાં જયંત ચૌધરી એનડીએમાં જોડાઈ શકે છે કારણ કે, તેઓ પટના વિપક્ષની બેઠકમાં હાજર રહ્યા ન હતા. મહારાષ્ટ્રના પગલે લોકજનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના નેતા ચિરાગ પાસવાને બિહાર માટે સમાન ભાવિની આગાહી કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે, નીતિશકુમાર મુખ્યમંત્રી તરીકે તેમનો કાર્યકાળ પૂર્ણ કરવામાં નિષ્ફળ જશે. તેમણે વધુમાં કહ્યું કે, **JD(U)**ના ઘણા નેતાઓ તેમના સંપર્કમાં છે. રાષ્ટ્રીય લોક જનતા દળ **(RJD)**ના નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉપેન્દ્ર કુશવાહાએ **JD-U** અને **RJD**ના સંભવિત વિલીનીકરણની ચર્ચાને વેગ આપ્યો છે. **JD-U** ટૂંક સમયમાં **RJD** સાથે મર્જ કરવામાં આવશે અને ત્યારબાદ અન્ય પક્ષોમાં જોડાવા માટે પાર્ટીના નેતાઓની હિજરત થશે. ઘણા **JD-U** નેતાઓ મારા અને ભાજપ સાથે સંપર્કમાં છે.

# અમેરિકામાં ગોળીબારની શ્રેણીબદ્ધ ઘટનાઓ પછી બાઈડેને બંદૂક મેળવવા ઉપર પ્રતિબંધ મૂકવા માટે નવા કાયદાની વિનંતી કરી

ન્યુયોર્ક તા.૮

યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ જો બાઈડેને મોટા શહેરોમાં શ્રેણીબદ્ધ ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા બાદ કાયદા ઘડનારાઓને તેના માટે પગલાં લેવાની અપીલ કરી છે. વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં, બાઈડેને રિપબ્લિકન ધારાસભ્યોને "સામાન્ય સુધારાઓ"ને આગળ વધારવામાં તેમની સાથે જોડાવા વિનંતી કરી હતી. જેમાં શસ્ત્રો ઉપર પ્રતિબંધ, વ્યાપક પૃષ્ઠભૂમિની તપાસ અને બંદૂકના



ઉત્પાદકોને આપવામાં આવતી કાનૂની પ્રતિરક્ષાનો અંત સામેલ છે. બાઈડેને કહ્યું કે, છેલ્લા કેટલાક દિવસોમાં, આપણા રાષ્ટ્રમાં ફરી એકવાર સમગ્ર અમેરિકાના સમુદાયોમાં દુઃખદ ગોળીબારની લહેર જોવા મળી છે. શિકાગો, ઈલિનોઈસમાં તાજેતરમાં એક ફૂટપાથ ઉપર ગોળીબાર થયો હતો, જેમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને અન્ય ત્રણ ઘાયલ થયા હતા. તે પછી વધુ બે ગોળીબાર થયા હતા જેના પરિણામે જાનહાનિ થઈ હતીઃ એક ઘટના વિચિટા, કેન્સાસના એક બારમાં, જ્યાં નવ લોકો ઘાયલ થયા હતા, અને બીજી બાલ્ટીમોર, મેરીલેન્ડમાં એક બ્લોક પાર્ટીમાં, જ્યાં બે લોકો મૃત્યુ પામ્યા હતા અને ૨૮ લોકો ઘાયલ થયા હતા. પેન્સિલવેનિયાના ફિલાડેલ્ફિયામાં ગોળીબાર થયો હતો, જેમાં પાંચ લોકોના મોત અને બે બાળકો ઘાયલ થયા હતા. તે જ સાંજે ટેક્સાસના ફોર્ટ વર્થમાં પડોશી મેળા દરમ્યાન ગોળીબારમાં ત્રણ લોકો માર્યા ગયા હતા અને મંગળવારે મિશિગનના લેન્સિંગમાં એક પાર્ટીમાં ઝઘડો થયો, જેના કારણે ગોળીબાર થયો જેમાં પાંચ લોકો ઘાયલ થયા હતા. બાઈડેને કહ્યું કે યુ.એસ.માં બંદૂક દ્વારા હિંસા એ અમારા સમુદાયોને અલગ કરી રહી છે. યુ.એસ.માં વિશ્વમાં સૌથી વધુ બંદૂક માલિકો છે, અને તુલનાત્મક રાષ્ટ્રો કરતાં અહીંવધુ સામૂહિક ગોળીબાર થાય છે. ગન વાયોલન્સ આર્કાઈવમાં આ વર્ષના પ્રથમ છ મહિનામાં અત્યાર સુધીમાં યુ.એસ.માં ૩૪૬ સામૂહિક ગોળીબારની ઘટનાઓ નોંધાઈ છે. સામૂહિક ગોળીબારને બંદૂકની હિંસા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જેમાં ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ અથવા માર્યા જાય છે. અગાઉના સપ્તાહમાં ૧૬ વ્યક્તિઓના મોત થયા હતા. તેમની ટિપ્પણીમાં, બાઈડેને એક વર્ષ પહેલાં, હાઈલેન્ડ પાર્ક, ઈલિનોઈસમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉપર એક બંદૂકધારીએ ગોળીબાર કરીને સાત લોકોની હત્યા કરી ત્યારે મૃત્યુ પામેલા સાત લોકોને યાદ કર્યા હતા. વ્હાઈટ હાઉસે દુર્ઘટનાના પ્રતિભાવમાં દ્વિપક્ષીય પગલાં લેવાનું આહ્‌વાન કર્યું હોવા છતાં, રૂઢિચુસ્ત ધારાશાસ્ત્રીઓએ મુખ્યત્વે યુ.એસ.ના બંધારણના બીજા સુધારા હેઠળ શસ્ત્રો ધારણ કરવાના અધિકારનો આહ્‌વાન કરીને બંદૂકની ઍક્સેસ ઉપર નિયંત્રણોનો વિરોધ કર્યો છે. ફ્લોરિડામાં એક કાયદો જે તાલીમ અને લાઈસન્સિંગ માટેની અગાઉની આવશ્યકતાને રદ કરે છે તે ૧ જુલાઈથી અમલમાં આવ્યો છે અને લોકોને પરવાનગી વિના છુપાયેલ હેન્ડગન લઈ જવાની પરવાનગી આપે છે. વધુમાં, રૂઢિચુસ્ત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ ન્યુ યોર્ક જેવા ડાબેરી વલણ ધરાવતા રાજ્યોમાં બંદૂકની લાઈસન્સિંગ મર્યાદા ઉપર પ્રશ્ન ઉઠાવ્યો છે અને તેમાંથી કેટલાકને ગેરકાયદેસર જાહેર કર્યા છે. રૂઢિચુસ્ત ધારાશાસ્ત્રીઓ દલીલ કરે છે કે લોકો હથિયારોનો ઉપયોગ કરીને પોતાનું રક્ષણ કરી શકે છે અને બંદૂકની માલિકી ઉપર પ્રતિબંધ મૂકવાના પ્રયાસોની હિંસાના એકંદર દરો ઉપર કોઈ અસર થતી નથી. નેશનલ રાઈફલ એસોસિએશન **(NRA)** અને અન્ય પ્રો-ગન લોબીંગ સંસ્થાઓનો યુ.એસ.માં નોંધપાત્ર રાજકીય પ્રભાવ છે. એક દુર્લભ પગલામાં, કોંગ્રેસે જૂન ૨૦૨૨માં દ્વિપક્ષીય બંદૂક સલામતી કાયદો પસાર કર્યો હતો, જેમાં ઘરેલું હિંસા માટે દોષિત લોકોને હથિયારોના વેચાણ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો અને પૃષ્ઠભૂમિની તપાસનો વિસ્તાર કર્યો હતો.

# પ્રાકૃતિક ખેતીની કમાલ : શાંતિપુરાના ખેડૂતે નાળિયેરીની ખેતીમાં મેળવ્યો રૂા. ૧૩ લાખનો નફો

## ૨૦ વીઘામાં નાળિયેરીની ખેતી કરી વર્ષે ૧૨-૧૩ લાખનો નફો મેળવતા ખેડૂત જેઠાભાઈ જોટવા






જૂનાગઢ, તા.૮

રાજ્યમાં ખેડૂતો છેલ્લા કેટલાક વર્ષોથી પ્રાકૃતિક ખેતી તરફ વળ્યાં છે. ઓછા ખર્ચે ખેડૂતો વર્ષે લાખો રૂપિયાની આવક મેળવી રહ્યાં છે. ગાય આધારિત ખેતી એટલે કે, ઝીરો બજેટ ખેતીથી ખેતી ખર્ચ નહિવત્ થાય છે અને ખેડૂતો મબલક આવક મેળવી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સહાયકારક યોજના અમલમાં મૂકવામાં આવી છે.ત્યારે માળિયા હાટીનાનાં શાંતિપરા ગામના ખેડૂત જેઠાભાઇ જોટવા નાળિયેરીની પ્રાકૃતિક ખેતી કરી રહ્યાં છે. આ સાથે જેઠાભાઇ નાળિયેરીનાં રોપા તૈયાર કરી તેનું વેચાણ કરે છે અને વર્ષે ૧૨ થી ૧૩ લાખનો નફો મેળવી રહ્યાં છે.

માળીયાહાટીના તાલુકાના શાંતિપરા ગામે રહેતા ખેડૂત જેઠાભાઇ કરસનભાઈ જોટવા તેમના ૨૦વીઘા જમીનમાં પ્રાકૃતિક કૃષિ અપનાવી મબલક આવક મેળવી રહ્યા છે, સાથે જ ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ કરવાથી ધરતી માતાને ઝેર મુક્ત કરવાનો આનંદ અને સંતોષ પણ મેળવી રહ્યા છે.દ્રઢ સંકલ્પ, સારી વૃતિ અને મન મક્કમ હોય તો કંઈ પણ શક્ય છે. પ્રાકૃતિક કૃષિને પદ્ધતિસર કરવામાં આવે તો સરળ છે, બાકી ખૂબ અઘરો વિષય છે. આ શબ્દો છે જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકાના શાંતિપરા ગામના ધરતીપુત્ર જેઠાભાઈ જોટવાના. જેઠાભાઈ વર્ષ ૨૦૦૮થી પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. તેમને પ્રાકૃતિક કૃષિની પ્રેરણા ક્યાંથી મળી એ વિશે જણાવે છે કે, તેઓ સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલા છે. ઉપરાંત રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પણ પ્રાકૃતિક કૃષિને ખૂબ પ્રોત્સાહન આપી રહ્યા છે. આમ, જાણવા મળ્યું હતું કે, રાસાયણિક પેસ્ટીસાઈડ્સ કરતા ગાય આધારિત ખેતી કરીએ તો ઝેર મુક્ત ભોજન મળે છે. આ વિચાર આવ્યા બાદ તેમને વર્ષ ૨૦૧૨માં આત્મા પ્રોજેક્ટમાં જોડાયા હતા. આત્મા દ્વારા યોજાતા કાર્યક્રમ-પ્રવાસ થકી પ્રાકૃતિક કૃષિથી વધુ અવગત થયા હતા. ત્યાર પછી વર્ષ ૨૦૧૭માં અમદાવાદમાં સુભાષ પાલેકરની શિબિર પછી, વડતાલ, જૂનાગઢ, ગાંધીનગર ખાતે યોજાયેલ શિબિરમાં પણ લાભ લીધો હતો.

છેલ્લા ૪૫ વર્ષથી ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા જેઠાભાઈ રાસાયણિક ખેતી અને પ્રાકૃતિક કૃષિના તફાવત અંગે કહે છે, રાસાયણિક ખેતીમાં ઉત્પાદન ઘટી રહ્યું હતું તેમજ સારાણિકખાતર, દવા વગેરેથી ખેતિ ખર્ચ પણ વધી જતો હતો. ત્યારે વર્ષ ૨૦૦૮થી રાસાયણિક ખેતી બંધ કરી અને પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા હતા. આમ, પ્રાકૃતિક ખેતીમાં ગાય આધારિત હોવાથી તેમ ખર્ચ પણ નહીવત રહે છે. ઉપરાંત ઉત્પાદનરાસાયણિક કૃષિની સરખામણીએ વધુ થાય અને ભાવ પણ વધુ મળે છે. હાલમાં જેઠાભાઈ તેના પ્રાકૃતિક ફાર્મમાં નાળિયેરીની ખેતી કરી દર વર્ષે ૧૨ થી ૧૩ લાખની કમાણી કરી રહ્યા છે.

**દર વર્ષે નાળિયેરીના રોપાના વેચાણથી વર્ષે પાંચથી સાત લાખની આવક**

જેઠાભાઈ છેલ્લા છ વર્ષથી નાળિયેરીના રોપાનું ઉછેર કરી તેનું વેચાણ કરે છે, તેઓ નાળિયેરીની બે જાતના રોપા તૈયાર કરે છે, જેમાં ડીટી અને ક્રોસબોનાના રોપા તૈયાર કરે છે. તેમની નર્સરીના રોપા જૂનાગઢ ઉપરાંત ગીર સોમનાથ અને જામનગરમાં પણ ડિમાન્ડ રહે છે. ડીટીના એક રોપાના ૫૦૦ રૂપિયાના ભાવે વેચાણ અને ક્રોસબોના એક રોપાના ૧૫૦ રૂપિયાના ભાવે વેચાણ કરે છે. આમ, નર્સરી દ્વારા તેઓ વાર્ષિક પાંચ થી છ લાખની કમાણી કરે છે.

**સંકલન : ક્રિષ્ના સીસોદિયા, જૂનાગઢ માહિતી કચેરી**

# દ્વારકા જગતમંદિરના બંને પ્રવેશદ્વારનાં માર્ગો ઉપર દબાણ કરનાર ૯૬ આસામીને નોટિસ

**આખરે નગરપાલિકાનું તંત્ર જાગ્યું, દબાણ દૂર કરવા દસ દિવસની મુદત અપાઈ : તંત્ર ફક્ત નોટિસ આપી સંતોષ માની લે છે કે, પછી ખરા અર્થમાં કાર્યવાહી કરશે કે કેમ તેના ઉપર સૌની મિટ**



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૮

દ્વારકા જગત મંદિરના પ્રવેશદ્વારના માર્ગો ઉપર આવેલી દુકાનોના આસામીઓએ ઓટલા અને ટેબલો ખડકી દબાણો કર્યા છે. આ વર્ષો જૂની સમસ્યા સામે નગરપાલિકાનું તંત્ર આખરે જાગ્યું છે અને ૯૬ આસામીઓને દબાણ સબબ નોટિસ ફટકારી છે. જેમાં આસામીઓને દબાણ દૂર કરવા દસ દિવસની મુદત આપવામાં આવી છે. ત્યારે તંત્ર ફક્ત નોટિસ આપી સંતોષ માની લે છે કે પછી ખરા અર્થમાં કાર્યવાહી કરશે કે કેમ તેના ઉપર સૌની મિટ મંડાઈ છે.

દ્વારકામાં જગતમંદિરના બંને પ્રવેશદ્વારના રસ્તા ઉપર ટ્રાફીકની ભયંકર સમસ્યા છે. આ વિસ્તારમાં વ્યવસાય કરતા અમુક ધંધાર્થીઓ મંદિરને જોડતા અત્યંત સાંકડા રસ્તાઓમાં પણ રસ્તાની બંને બાજુ પથારા પાથરી ચુકયા છે. આ સમસ્યા વર્ષોથી છે. જગતમંદિરના મુખ્ય રસ્તાની આસપાસ દબાણના કારણે દર્શનાર્થીઓ તથા સ્થાનીક લોકોને અવર-જવર કરવામાં ખુબજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રસ્તા ઉપરના દબાણો તથા ટ્રાફીક સમસ્યા બાબતે અધિકારીઓ ઈરાદાપૂર્વક આંખ આડા કાન કરી રહ્યા છે. મંદિરની આસપાસ સાંકડી બજારો છે અને મંદિરના મેઈન ગેટની બાજુની દુકાનોમાં ત્રણથી ચાર ફુટના ઓટલાઓ ઉપર તથા ટેબલો ખડકીને રસ્તા ઉપર રીતસર કબજો જમાવી લીધો છે. જેનાથી યાત્રિકો તથા સ્થાનીક લોકોને અવર-જવર કરવામાં ખુબજ મુશ્કેલી પડે છે. કોરોનાકાળ પછી યાત્રિકોની સંખ્યામાં ઉતરોતર વધારો થતો જાય છે ત્યારે ટ્રાફીકની સમસ્યા શિરદર્દ સમાન બની ગઈ છે. સ્થાનીક પોલીસ, ચીફઓફીસર સહિત સંબંધિત અધિકારીઓને આ સમસ્યા દેખાતી નથી ? કે પછી તંત્રની મીઠી નજર હેઠળ પથારાઓ પાથર્યા છે તે તપાસનો વિષય છે. ત્યારે નગરપાલિકાનું તંત્ર રહી રહીને જાગી હોય તેમ જગત મંદિરના પ્રવેશદારોના માર્ગો ઉપર દબાણ કરનાર ૯૬ આસામીને નોટિસ ફટકારી છે. જેમાં આસામીઓને સ્વેચ્છાએ દબાણ દૂર કરવા દસ દિવસની મુદત આપવામાં આવી છે. પાલિકાની આ કાર્યવાહીથી દુકાનદારોમાં ફફડાટ સાથે દોડધામ મચી ગઈ છે.

### દ્વારકાના ઈતિહાસમાં પ્રથમ વખત વામનના વિરાટ દબાણને ૧૩થી વધુ નોટિસ

દ્વારકામાં ઢોરના આતંક વચ્ચે દબાણોએ માઝા મુકતા યાત્રીકો પારાવાર હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ સ્થિતિમાં જગત મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર સુદામા સેતુ રોડ અને બેઠક રોડ ઉપરના માર્ગો ઉપર દુકાનોના ગેરકાયદેસર ઓટલા અને ટેબલોના વામનના વિરાટ દબાણ સામે તંત્ર નપાણીયું પુરવાર થયું હોય તેમ આજ દિવસ સુધી કોય નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. પરંતુ અહેવાલો બાદ નગરપાલિકાને રેલો આવતા દ્વારકાના ઈતિહાસમાં પ્રથમવખત વામનના વિરાટ દબાણને એક સાથે ૧૩ થી વધુ નોટિસ ફટકારવામાં આવી છે.

### કપડા અને વસ્ત્રની દુકાન ધારકોને બે નોટિસ

દ્વારકા જગત મંદિરના પ્રવેશદ્વારના માર્ગો ઉપર ઓટલા અને પથારાનું દબાણ કરનાર કપડા અને વસ્ત્રની દુકાન ધરાવતા આસામીઓને બે નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં એક નોટિસ દબાણ દૂર કરવાની છે તો બીજી નોટિસ નિયમ મુજબ ફાયરના સાધનો રાખવાની છે. કારણ કે તાજેતરમાં જ આ માર્ગ ઉપર આગના બનાવમાં ત્રણ દુકાનો ભસ્મિભૂત થઈ ગઈ હતી.

# ગીર જંગલ વિસ્તારમાં આવેલ કમલેશ્વર (હિરણ-૧) ડેમ ગમે ત્યારે ઓવર ફલોની ભીતી : ૧૩ ગામોને સાવચેત કરાયા

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૮



ગીર જંગલ વિસ્તારમાં આવેલ કમલેશ્વર (હિરણ-૧) ડેમ ભારે વરસાદને પગલે ૭૦ ટકા ઉપર ભરાઈ ગયો છે જેને લઈને ૧૧ ગામોને સાવચેત કરાયા છે. વધુમાં મળતી વિગત અનુસાર જૂનાગઢ જિલ્લામાં મેંદરડા તાલુકાના સાસણ ગામથી ૧૨ કિ.મી. દુર ગીર જંગલ વિસ્તારમાં હિરણ નદી ઉપર બાંધવામાં આવેલ છે જેનું બાંધકામ વર્ષ ૧૯૫૫માં ચાલુ કરી વર્ષ ૧૯૫૯માં પુર્ણ કરવામાં આવેલ. જેનો ચોખ્ખો વિસ્તાર ૨૮૧.૦૦ ચો.કિ.મી. છે. આ યોજનામાં ૧૦૧૬ મી.મી. જેટલો સરેરાશ વરસાદ ગણત્રીમાં લેવામાં આવેલ છે. આ યોજનામાં ૩૩૫ હેકટર જેટલો કુલ વિસ્તાર ડૂબમાં ગયેલ, આ યોજનામાં સૌ પ્રથમ વર્ષ ૧૯૬૧માં પાણી ભરવાની તથા વર્ષ ૧૯૬૧-૬૨ માં સિંચાઈ કરવાની શરૂઆત કરવામાં આવી હતી. તાલાલા તાલુકા સહિત ગીર જંગલના વન્યજીવોની જીવાદોરી સમાન ગીર જંગલ મધ્યે આવેલ કમલેશ્વર ડેમ હાલ ૭૦% ભરાઈ ગયેલ છે. આ ડેમ બન્યો ત્યારથી આજ દિન સુધી ૬૩ વર્ષમાં ૨૪ વાર ઓવરફલો થયેલ છે. ત્રણ તરફ ડુંગરા અને એક તરફ પાળાનો બનેલ કમલેશ્વર ડેમમાં એકપણ દરવાજો નથી. છેલ્લા ૧૪ દિવસથી પડી રહેલા સાર્વત્રીક વરસાદથી ડેમ ૩૫ ફુટની સપાટીએ પહોંચેલ છે અને નવા નીરની આવક થયેલ છે તથા ઓવરફ્લોની સપાટી ૪૨.૫૦ફુટ છે પાણીની આવક સતત ચાલુ છે. તેમજ ઉપરવાસમાં પાણીની આવકના પગલે ડેમ હાલ ૭૦% ભરાયેલ હોય તાલાલા તાલુકાના ૧૧ તથા મેંદરડા તાલુકાના ૨ ગામ મળીને કુલ ૧૩ ગામોને એલર્ટ કરાયા છે. ડેમની નીચાણ વાસાના ગામોમાં તાલાળા તાલુકાના ગામ કમલેશ્વર નેશ, દાજીયાનેશ, ચીત્રાવડ ચિત્રોડ, ગિદરીયા, ખીરધાર, બોરવાવ, રમરેચી, સાંગોદ્રા, ઘૂંસિયા, તાલાળા અને મેંદરડા તાલુકાના ગામ સાસણ, ભાલછેલ ગામનો સાવચેત કરાયા છે. ગીર જંગલના વન્યજીવો અને ગીરના લોકોનાં પીવાના પાણી તેમજ તાલાલા તાલુકા ના ૮ ગામ તથા વેરાવળ તાલુકાનુ એક ગામ મળી ને કુલ ૯ ગામો માટે સિંચાઈ પુરુ પાડનાર આ એકમાત્ર સ્રોત કમલેશ્વર (હિરણ-૧) ડેમ ૧૯૫૫ માં બનાવવાની શરૂઆત થયેલ, ૧૯૫૯ માં ડેમ ૦.૭૦ થી ૦.૮૦ કરોરના ખર્ચે બની તૈયાર થયો. વર્ષ ૧૯૬૧માં ફર્સ્ટ ટાઈમ ઓવરફલો થયેલ છે. ડેમની કુદરતી રચના એટલી સુંદર છે કે, ૮૧ સ્કેવર કિમીના ડેમના કેચમેન્ટ એરીયામાં ત્રણ બાજું ડુંગરાળ પર્વત અને ગીર ગીર જંગલ છે. હિરણ નદીની એક સાઈડ વિશાળ પાળો બનાવી ડેમનું કામ થયેલ છે. પીવા અને ખેતી લાયક પાણી આપવા ડેમમાંથી પાણી છોડવા એક હેડ રેગ્યુલેટર બનાવવામાં આવેલ છે. ડેમ ઓવરફલો થાય અથવા કેપીસીટીથી વધુ પાણીની આવક થાય તો, પાણી બહાર કાઢવા ડેમમાં કોઈ દરવાજા નથી. ડેમનાં મુખ્ય પાળા (વેસ્ટ વિયર) ઉપરથી પાણી વધારાનું વહી જાય છે. ૪૨.૫ ફુટની સપાટી ધરાવતાં આ ડેમમાં ૧૦૦ એમ.સી.એફ.ટી પાણી સિંહો સહિતના વન્યજીવોને પીવા માટે રીઝર્વ રાખવામાં આવે છે. હાલનુ લેવલ- ૪૧.૯૭ મીટર છે, ઉડાઈ- ૧૦.૭૩ મીટર/૩૫.૧૯ ફુટ છે, જીવંત જથ્થો- ૧૩.૭૮૪ એમ.સી.યુ.એમ છે, કુલ જથ્થો- ૧૪.૩૭૧ એમ.સી.યુ.એમ છે, ડેમમાં ભરેલ પાણીની ટકાવારી -૭૧ % છે.

# કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવના અધ્યક્ષસ્થાને દ્વારકામાં હરિયાળી મહોત્સવ યોજાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

દ્વારકામાં આવેલા રૂક્ષ્મણી મંદિર ખાતે વન મહોત્સવ અઠવાડિયાની ઉજવણીના ભાગરૂપે હરિયાળી મહોત્સવ કાર્યક્રમનું આયોજન કેન્દ્રના પર્યાવરણ, વન, જલવાયુ પરિવર્તન અને શ્રમ રોજગાર વિભાગના મંત્રી ભુપેન્દ્ર યાદવના અધ્યક્ષ સ્થાને તેમજ રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક વારસો, વન અને પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાની વિશેષ ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું. જેમાં રૂક્ષ્મણી મંદિર પાસે ઉપસ્થિત મહાનુભાવો, વિદ્યાર્થીઓ, એનસીસી કેડેટ્સ, માછીમાર સમુદાયના પ્રતિનિધિઓ, વન વિભાગના અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ દ્વારા ચેરનું પૂજન અને વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વન વિભાગના ૮ અધિકારીઓ કરેલી વિશેષ કામગીરી બદલ તેમને સમ્માનિત કરવામાં આવ્યા હતા. બાદમાં વિવિધ ૬ કોર્પોરેટ્સ પાર્ટનર સાથે મિષ્ટી પ્રોજેકટ હેઠળ વન વિભાગ દ્વારા એમઓયુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી ભુપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, પ્રકૃતિનું જતન કરવું આપણા સૌની જવાબદારી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વને મિશન લાઈફનો મંત્ર આપ્યો છે. ગુજરાત વિશાળ દરિયાકિનારો ધરાવે છે. જમીનની ખારાશ અને ધોવાણ થતું અટકે તે માટે મેનગૃવ્સની ભૂમિકા મહત્વની છે. જેના પરિણામે જ મિષ્ટી પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો છે. કુદરતી આફતો જેવી કે પુર અને વાવાઝોડાના સમયે પણ દરિયાકિનારાના વિસ્તારોમાં ચેરના વાવેતર થકી નુકશાન થતું અટકે છે. દરિયાકિનારાના સંરક્ષણ અને જાળવણી તેમજ ડોલ્ફિન રક્ષણ માટે પણ મેન્ગ્રુવનું વાવેતર અને તેની જાળવણી મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા આવનારી કુદરતી આફતો સામે લડી શકાય તે માટે પર્યાવરણના જતન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કામગીરી કરવામાં આવી રહી છે. ગુજરાત સરકાર દ્વારા બિપરજોયવાવાઝોડા દરમ્યાન આગોતરૂ આયોજન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે રાજ્યમાં એક પણ માનવ મૃત્યુ થયું નથી તે બદલ સરકારને અભિનંદન પાઠવ્યા હતા. આવનારા સમયમાં પણ કુદરતી આફતો સામે લડી શકાય તે માટે પર્યાવરણનું સંરક્ષણ ખૂબ જ જરૂરી છે તેમ જણાવ્યું હતું. ગુજરાતના વિશાળ દરિયાકિનારાના ૩૦૦૬ હેકટર વિસ્તારમાં મેન્ગ્રુવના વાવેતર માટે વિવિધ ૬ કોર્પોરેટ્સ સાથે એમઓયુ કરવામાં આવ્યા તે બદલ વન વિભાગને તેમજ કંપનીઓને અભિનંદન પાઠવ્યા હતા.જે પ્રકારે ભગવાનને સૌથી વધુ મિષ્ટીનો ભોગ ધરવામાં આવે છે તે જ પ્રકારે દરિયાકિનારાને મિષ્ટી રૂપી ચેરના વૃક્ષોની ભેંટ આપવા બદલ સરકારને શુભકામનાઓ પાઠવી હતી. રાજયના કલાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, હરિયાળી મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત આજે ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ગત પર્યાવરણ દિનના રોજ મિષ્ટી યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાંથી ગુજરાતમાં ૨૫ જગ્યાએ ચેરનું વાવેતર કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વન મહોત્વની ઉજવણી કરવાની પહેલ થકી ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતા સ્થળો ઉપર વિવિધ વનોની સ્થાપના કરવામાં આવી છે. અને મોટા પ્રમાણમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે જેથી કરીને પર્યાવરણના સંરક્ષણ સાથે આ વનો પર્યટન સ્થળો તરીકે પણ વિકસ્યા છે. રૂક્ષ્મણી મંદિર પાસે ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું તેના થકી જમીનનું ધોવાણ થતું અટકશે. આ કાર્યક્રમમાં સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, પર્યાવરણના જતન માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. વિશાળ દરિયાકિનારો ધરાવતા દ્વારકામાં જમીનની ખારાશ હોવાથી જમીનનું ધોવાણ થતું અટકે તે માટે આજે મેનગૃવ્સનું વાવેતર મિષ્ટિ પ્રોગ્રામ હેઠળ કરવામાં આવ્યું છે. તેમજ તેમણે પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવા અને પર્યાવરણનું જતન કરવા નાગરિકોને અપીલ કરી હતી. "મિષ્ટી"(MISHTI) પ્રોજેક્ટ હેઠળ છ કંપનીઓ અને ગુજરાત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ વચ્ચે કુલ છ એમઓયુ કરવામાં આવ્યા છે.

### દરિયાકિનારાનું સંરક્ષણ અને જાળવણી માટે મેન્ગ્રુવ્સનું મોટા પાયે વાવેતર કરાશે



આ એમઓયુ નિયુક્ત જમીનો ઉપર મેન્ગ્રુવ્સના(ચેર) વાવેતર દ્વારા ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોનું રક્ષણ કરવા પ્રત્યેક કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડે ૪૦ હેક્ટર જમીન ઉપર, નાયરા એનર્જી લિમિટેડ દ્વારા ૨૫૦ હેકટર જમીન ઉપર, આર.એસ.પી.એલ. લિમિટેડ દ્વારા ૧૦૦ હેકટર જમીન ઉપર, ટાટા કેમિકલ્સ સોસાયટી ફોર રૂરલ ડેવલપમેન્ટ (TCSRD) દ્વારા ૨૦૦ હેકટર જમીન ઉપર, કેઈર્ન ઓઈલ એન્ડ ગેસ, વેદાંત લિમિટેડે ગુજરાતના પશ્ચિમ દરિયાકાંઠાના ઝોનમાં આશરે ૧૦૦૦ હેકટર વિસ્તારમાં તેમજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા વ્યાપક ૩૫૦૦ હેકટર જમીન ઉપર મેન્ગ્રુવ્સનું વાવેતર કરી ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોનું રક્ષણ કરવા પ્રતિબદ્ધતા દર્શાવી છે. કંપનીઓ અને ગુજરાત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ વચ્ચેના આ સહયોગી પ્રયાસોનો ઉદ્દેશ દરિયાકાંઠાના ઈકોસિસ્ટમના સંરક્ષણ અને જાળવણીને વધારવાનો છે. આ કાર્યક્રમમાં સ્વાગતપ્રવચન ગુજરાત રાજ્ય મુખ્ય વન સંરક્ષક દ્વારા તેમજ આભારવિધિ યુ.ડી. સિંઘદ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રિય વન, આબોહવા અને કલાયમેટ ચેન્જ વિભાગના ડાયરેકટર જનરલ એન્ડ સ્પેશિયલ સેક્રેટરી ચંદ્રપ્રકાશ ગોયલ, ધારાસભ્ય ઉદય કાનગડ, ગુજરાત રાજ્યના અગ્રમુખ્ય વન સંરક્ષક એસ.કે. ચતુર્વેદી, યુ.ડી. સિંઘ, સાથે આગેવાનો, અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

